સૌભાગ્ય કુમાર

અને

સ્નેહલતા.

લેખક તથા પ્રકાશક,

મણીલાલ જીવરામ ગાંધી,

મુ. જાદર. પોષ્ટ દાવડ-મહીકાંઠા.

પ્રથમાવૃત્તિ. પ્રત ૫૦૦

સંવત ૧૯૭૧. ઈ. સ. ૧૯૧૫.

મુલ્ય રૂ. ૦—૪—૦.

ધી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું
ઠે. રીચીરોડ, પાંચકુવા—અમદાવાદ.

અર્પણ પત્રિકા.

પરમ કૃપાવંત, વિદ્યોત્તેજક,

મહેરબાન ઠાકોર સાહેબશ્રી હરીસિંહજી,

મુ. હેરોલ.

મ્હારા પુસ્તકની યોગ્ય કદર જાણી આપશ્રીએ નિષ્કામ વૃત્તિથી
મને ઉત્તેજીત બનાવ્યો છે કે જેના યોગે આ ક્ષુદ્ર લેખક
પ્રસિદ્ધિમાં આવવા સશક્ત થઇ શક્યો. એ આપના
મહદ્ ઉપકારના નિરંતર સ્મર્ણાર્થે આ મારૂં
પ્રથમ પ્રયાસરૂપ **"સૌભાગ્ય કુમાર અને
સ્નેહલતા"** નામનું રસિક નૉવેલ
આપને પ્રેમપુર્વક અર્પણ કરી
અત્યાનંદ પામું છું.

હું છું,
દયાળુ સાહેબ,
આપનો અતિ નમ્ર સેવક,

મણીલાલ જીવરામ ગાંધી.

લેખક.

લેખકની પ્રસ્તાવના.

વાંચક ભ્રાતાઓ! વિદ્યામાતાની કૃપાવડે આજે હું આ નાનકડું નૉવેલ વાંચકોના કર કમળમાં મુકવાને ભાગ્યશાળી થયો છું એ જોઇ મને અતી આનંદ થાય છે.

અજ્ઞાન મનુષ્યોનાં હૃદય વિશુદ્ધ થાય અને તેઓ કુમાર્ગમાં વિચરતા અટકે તથા પરમ સુખમય પવિત્ર પ્રેમનું રહસ્ય સમજી શકે એવા શુભ ઉદ્દેશથી આ નવલકથા આલેખવામાં આવી છે.

પ્રથમ પ્રકરણમાં મહારાજા સૂર્યસેન તથા તેમનાં પત્નિ પદ્દમાવતીના પ્રેમનું વર્ણન છે. પરંતુ તેઓ પુત્ર પ્રાપ્તિના સુખથી વિમુખ હોવાથી રાણી પદ્દમાવતી તેમને દ્વીતીય વાર લગ્ન કરવાનો આગ્રહ કરે છે, અને છેવટે તેના અતિ આગ્રહને વશ થઇ મહારાજા એક અશિક્ષિત રાજ્ય-કન્યા સાથે સંલગ્ન થાય છે.

બીજા પ્રકરણમાં જાર સ્ત્રી પુરૂષો પોતાનો માર્ગ નિષ્કંટક કરવા કેવાં તર્કટ રચે છે એ વિશે વિવેચન કરવામાં આવ્યું છે.

ત્રીજા પ્રકરણમાં એક વિદ્વાન સ્ત્રી પોતાના પ્રાણ બચાવનાર વિર નરનો કેવા પ્રકારે બદલો વાળે છે તથા પવિત્ર પ્રેમમાં કેટલો આનંદ છે એ છટાથી વર્ણવેલું છે.

ચોથા તથા પાંચમા પ્રકરણમાં વાત્સલ્ય પ્રેમનું યોગ્ય વર્ણન કરેલું છે.

છઠ્ઠા પ્રકરણમાં પાપ કર્મ કોઇ દિવસ ગુપ્ત રહી શકતું નથી. પાપનો ઘડો પુર્ણ ભરાઇ જાય છે ત્યારે ફુટયા શિવાય રહેતો નથી એ દ્દશ્યનો સમાવેશ કરેલો છે.

સાતમા પ્રકરણમાં સ્નેહલતાના સાંદર્યનું વર્ણન તથા તેના વિરહ દુઃખને લીધે દયામણી સ્થિતિ આલેખવામાં આવી છે.

આઠમા પ્રકરણમાં શિયળધન એજ સ્ત્રીનો શૃંગાર છે અને એને માટે એક પતિવ્રતા સ્ત્રી અનેક લાલચોથી ન ડગતાં એક અત્યાચારી પુરૂષથી બચવા કેટલી હીંમત દાખવે છે અને છેવટે તેમાં તેનો કેવો વિજય થાય છે. એ વિષય વિસ્તારવામાં આવ્યો છે.

નવમા તથા દશમા પ્રકરણમાં મિત્ર પ્રેમ, દુષ્ટ જનની દુષ્ટતા, અને કાળ ચક્રની ગહનગતી વિગેરે વિષયો ચર્ચવામાં આવ્યા છે.

અગીઆરમા પ્રકરણમાં એક નવાબની ન્યાય પરાયણતાનો ચીતાર આપવામાં આવ્યો છે કે જેની અંદર ગુન્હેગાર પોતાનો પુત્ર હોવા છતાં ન્યાયાસન સમક્ષ તેને પુત્ર ન લેખતાં યોગ્ય શિક્ષા ફરમાવી તેણે પોતાની ન્યાય કરવાની રીતિને દીપાવી છે.

એવી રીતે અગીયાર પ્રકરણો વાંચક બંધુઓને રસીક લાગે એવી વસ્તુ સંકલનાથી ગુંથ્યાં છે.

વાંચક બંધુઓ સાથે આ મારો પ્રથમ પ્રસંગ છે. આ પછી મારા તરફથી "અભિમન્યુનું યુદ્ધ ગમન અને ઓત્રાની વિનવણી" એ નામની અતી રસદાયક નવલકથા બહાર પડવાની છે. આશા છે કે દરેક દેશી બંધુ યોગ્ય કદર કરી લેખકને ઉત્તેજીત કરશે.

લી. મણીલાલ જીવરામ ગાંધી.

બંદર નિવાસી.

આભાર પત્ર.

દયા સાગર, સકળ સદ્‌ગુણાલંકૃત,

શ્રીયુત્ રઘુરામભાઇ તથા કામદાર શ્રી જાદવજીભાઇ.

આપ સાહેબોનો મ્હારાપર નિસ્વાર્થ પ્રેમ, અંતઃકરણની શુભ લાગણીઓ તથા મને ઉન્નત દશામાં નિરખવાની આપની ઉત્સુકતા ઇત્યાદી સાધનોએ મ્હારા હૃદયમાં આપને માટે પુજ્ય બુદ્ધિ ઉત્પન્ન કરી છે.

મ્હારૂં પુસ્તક પ્રસિદ્ધમાં લાવવા આપે તનમનથી જે શ્રમ ઉઠાવ્યો છે તેનો બદલો વાળવા હું અસમર્થ છુ. તથાપિ એ ઉપકારોના સ્મણાર્થે મ્હારી આ નવલકથાની સાથે આપ બન્નેનાં શુભ નામ જોડી કૃતાર્થ થાઉં છું.

લી. આપશ્રીનો

સદાંના આભારી સેવક,

મણીલાલ જીવરામ ગાંધી.

લેખક.

સૌભાગ્યકુમાર અને સ્નેહલતા.

પ્રકરણ ૧ લું.

મહારાજા સૂર્યસેન.

ભરતભૂમિમાં આવેલા ઇંદ્રાપુરી સમાન શોભાવાળા સુવર્ણપુર નગરમાં સૂર્યસેન નામે રાજા રાજ્ય કરતો હતો. એ રાજા બુદ્ધિમાં બ્રહસ્પતિ સમાન, ઐશ્વર્યમાં ઇંદ્ર સમાન, વૈભવમાં કુબેર સમાન, ક્ષમામાં પૃથ્વી સમાન, અને ઔદાર્યમાં હાતિમ સમાન હતો. તેને સતિના સર્વ ગુણથી અલંકૃત પદમાવતી નામની ભાર્યા હતી. તે જેવી ગુણમાં હતી તેવી રૂપમાં પણ હતી. જ્યારે જ્યારે તે મંદીરમાં દર્શન કરવા જતી ત્યારે તેનું લાવણ્ય જોઇ "લક્ષ્મી પોતેજ મારા વક્ષાસ્થળમાંથી ઉતરીને સામે ઉભી છે કે શું ?" એમ શંકાશીલ થઇ વિષ્ણુ ભગવાન પોતાનાં વક્ષઃસ્થળને વારંવાર જોયાં કરતા હતા. મતલબ કે તેને બનાવતાં વિધાતાએ પોતાની સર્વ શક્તિ વાપરી નાખી હોય એમ સ્પષ્ટ જણાતું હતું.

એવી રીતે આ સૌંદર્ય સંપુર્ણ દંપતિને સર્વ પ્રકારનું સુખ હતું. પરંતુ "વિશ્વમાં સૌને એકાદ દુઃખ તો હોયજ" એ કથનાનુસાર મહારાજાની પ્રૌઢાવસ્થા થવા આવ્યા છતાં તેમને પુત્રરત્નની પ્રાપ્તિ થઇ નહોતી.

એક દિવસે સતિ પદમાવતી રંગમહેલમાં પોતાના દુર્ભાગ્ય સંબંધી વિચાર કરતી બેઠી છે. હૃદયમાંથી ઉષ્ણ નિશ્વાસ નીકળી રહ્યા છે અને નેત્રમાંથી મૌતિક સરખા અશ્રુ બિન્દુ ખરી રહ્યાં છે. એવામાં એકદમ રાજાજી ત્યાં આવી પહોંચ્યા. રાણીને આવી રીતે શોકાગ્નિમાં બળતી

જોઇ તેમને ઘણું લાગી આવ્યું અને પોતાના કરવડે પ્રિયાનાં અશ્રુ લુછી નાખ્યાં તથા તેની પ્રત્યે અત્યંત મમતાથી કહેવા લાગ્યા, પ્રિયતમા? તમારી આવી સ્થિતિ મારાથી સહન થઇ શકતી નથી. અહા! પુષ્પનો આઘાત પણ સહન ન કરી શકે એવું તમારૂં સુકોમળ ચંદ્ર વદન ચીંતાને લીધે કેવું નિસ્તેજ લાગે છે? પ્રાણેશ્વરી? સંતાન પ્રાપ્તિ એ દૈવાધિન વાત છે. માટે શોચ કરવો છોડી દો.

પદ્મમાવતી—પ્રાણનાથ! આપનો મ્હારા ઉપર અત્યંત પ્રેમછે અને ચિરઃકાળ સુધી રહેશે એવી સંપુર્ણ ખાતરી પણ છે. તેથી મને અસંતોષનું કંઇ કારણ નથી. તથાપિ પુત્ર વિના મને સંસાર શુન્ય લાગે છે. માટે આ કિંકરીની આપ પ્રત્યે એજ પ્રાર્થના છે કે આપ કોઇ અવર રાજકુમારિનો હસ્ત ગ્રહણ કરો.

સૂર્યસેન—પ્રિયા! એ શું બોલ્યાં! જે પ્રેમ હીરો મેં તમને વેચી દીધો છે તેને વિભક્ત કરી ઇશ્વિરનો અપરાધી થાઉ? અને તેની સાથે તમારૂં જીવન ક્લેશમય બનાવું?

પદ્મમાવતી—સ્વામિન્! આપ એમ ન ધારતા કે નૂતન રાણીના આગમનથી મને દુઃખ થશે. એવી કલ્પના અશિક્ષિત સ્ત્રીઓના મનમાંજ હોય છે. મ્હારા નાથ! નવી રાણીને હું સદા મારી બગીની સમાન ગણીશ. માટે ફરીથી આપને પાયે લાગી પ્રાર્થના કરૂંછું કે મ્હારી નમ્ર વિનતીનો સ્વીકાર કરો. મને ભાસે છે કે ભવિષ્યમાં ઇશ્વિર કૃપાથી માત્ર એજ ઉપાય મ્હારા, આપના અને સકળ પ્રજાજનનાં હૃદયમાં આનંદ પ્રાપ્ત કરાવશે. આખરે થોડાક દિવસ પછી રાણીના અતિ આગ્રહથી કે પુત્ર પ્રાપ્તિના કારણથી મહારાજા સૂર્યસેને કુંદનપુરના રાજાની કુંવરી કનકાંગી જોડે બીજીવાર લગ્ન કર્યું.

પ્રકરણ ૨ જું.

રતિકાન્તનું કાવત્રું.

કનકાંગીના યૌવનનો વસંત સમય ચાલતો હોવાથી પ્રૌઢાવસ્થાવાન મહારાજાને તે પોતાના વિલાસ પ્રિય હૃદયમાં સ્થાન આપી શકી નહિ. અને થોડા સમય પછી તેણે કામથી પરવશ બની પોતાની કુળ આબરૂ તથા પાતિવ્રત્યને તિલાંજલી આપી રતિકાન્ત નામના એક તરૂણ દ્વારપાળ જોડે સ્નેહ બાંધ્યો. પાપીજનો પોતાની મનેચ્છા પાર પાડતાં ગમે તેવું ઘોર કર્મ કરવામાં પણ આંચકો ખાતા નથી એ કથન સત્યજ છે અને રતિકાન્તના નીચેના કૃત્યથી મ્હારા વાંચકોને તેની સત્યતાનો વિશેષ પરિચય: થઈ શકશે.

કનકાંગી તથા રતિકાન્તને સૌભાગ્યકુમાર નામના એક યુવકનો ઘણો ભય લાગતો. આ સૌભાગ્યકુમાર રાજ્યના મુખ્ય પ્રધાન વિરસીંહજીનો પુત્ર હતો. પુર્વના શુભ સંસ્કારને લીધે નાની ઉમરમાં તેને એટલી બધી વિદ્યા પ્રાપ્ત થઇ હતી કે મોટા વિદ્વાનો પણ તેની બરોબરી કરી શકતા નહિ. વળી ધનુર્વિદ્યામાં પ્રવિણતા બતાવી મોટા ધનુર્ધારી સૈનિકોનાં માન તેણે મુકાવ્યાં હતાં. તેની આવી કાર્યદક્ષતા જોઇ મહારાજા સૂર્યસેને તેને સેનાપતિની પદવી આપી હતી. દુષ્ટ રતિકાન્તને આવા પ્રતાપી નરનો ડર લાગે એ સ્વાભાવિક છે અને એ કંટકને કોઇપણ ઉપાયે દૂર કરવા તેણે ગુપ્ત વિચાર કરી રાખ્યો હતો.

એક દિવસ સૌભાગ્ય કુમાર સરિતા ઉપર સ્નાન કરવા ગએલો હતો ત્યાં ભાગજોગે રતિકાન્ત પણ ત્યાં આવ્યો. ભાગ્યજોગે સ્નાન કરી

સ્વચ્છ વસ્ત્રો પહેર્યા બાદ રતિકાન્તે પોતાની પાસેથી એક નાની શીશી કાઢી સૌભાગ્ય આગળ ધરી કહ્યું. કુમાર! મ્હારા એક મિત્રે કાશ્મીરથી મારે માટે આ અત્તર મોકલ્યું છે.

સરળ દિલના સૌભાગ્યકુમારે શીશી નાક આગળ ધરી કે તુર્તજ બેભાન થઈ ગયો. વ્હાલા વાંચકો? આપ સમજી ગયા હશો કે તે શીશીમાં અત્તર નહિ પરંતુ એક ઝેરી દવા હતી. આ દવા રતિકાન્ત હમેશાં પોતાના ગજવામાં રાખતો હતો.

હવે તેણે બેભાન થએલા સૌભાગ્યને વહેતી સરિતામાં ફેંકી દીધો. અને પોતાના લાંબા વખતની ઉમેદ પાર પડવાથી ખુશખુશ થઈ નગર તરફ ચાલતો થયો. પરંતુ પરમેશ્વરને ઘેર સૌનો સરખો ન્યાય છે, નિર્દોષ માણસને તે કદી દુઃખ પડવા દેતો નથી.

સૌભાગ્ય કુમારના સદ્ભાગ્યને લીધે તે દિવસે રાત્રે માઘ માસ હોવા છતાં વૃષ્ટિ થઈ હતી અને નદીમાં સહેજ પુર પણ આવ્યું હતું તેથી તે પાણીના પ્રવાહમાં તણાયો. ઈશ્વર કૃપાથી તે વખતે વિલાસપુરની જ્ઞાન વર્ધક મંડળીના પ્રોફેસર બ્રહ્માનંદ સ્વામીની નાવિકા ત્યાં થઈને જતી હતી તેમણે સૌભાગ્યને તણાતાં જોયો. અહા! મહાત્મા પુરૂષોનાં હૃદય કેવાં દયાળુ હોય છે! નિસ્વાર્થપણે પરોપકારનું કાર્ય કરતાં તેઓ પોતાના પ્રાણની પણ પરવા રાખતા નથી. ધન્ય છે એવા સંત જનોને!

સ્વામીએ એકદમ નાવિકા ઉભી રખાવી અને સૌભાગ્યને અંદર લીધો તથા યોગ્ય ઉપચાર કરી શુદ્ધિમાં આણ્યો. બંધુઓ! જેને રામ રાખે તેને કોણ હાનિ કરનાર છે?

પ્રધાન વિરસીંહજી, ભોજન સમય થવા આવ્યો છતાં પુત્ર સરિતા ઉપરથી આવ્યો નહિ તેથી ચીંતા કરવા લાગ્યા અને ઘાટ ઉપર માણસ મોકલ્યું પણ ત્યાં કોણુ હોય? જોત જોતામાં આ દુઃખદાયક વાત આખા ગામમાં ફેલાઈ ગઈ અને બાળ તથા વૃદ્ધ સર્વ જણનાં હૃદય શોક તીમિરથી છવાઈ ગયાં. વળી તેનાં માતા પિતાનું કલ્પાંત પાષાણ હૃદયના મનુષ્યનું હૃદય પણ પીગળાવે તેવું હતું, દયાના અવતાર મહારાજા સૂર્યસેને તેમને ધીરજ આપી તથા થોડાંક વિશ્વાસુ માણસોને નદી કીનારાપર આસપાસના પ્રદેશમાં શોધ કરવા મોકલી દીધા.

પ્રકરણ ૩ જું.

પવિત્ર પ્રેમ.

બ્રહ્માનંદ સ્વામી સૌભાગ્ય કુમારને શુદ્ધિમાં આવેલો જોઇ ઘણા ખુશી થયા. તથા વિલાસપુરમાં પોતાના મુકામે લઇ ગયા અને ત્યાં તેની અદ્વીતીય વિધ્વતા જોઈ જ્ઞાનવર્ધક મંડળીમાં મેમ્બર તરીકે દાખલ કર્યો.

એક દિવસ સૌભાગ્ય કુમાર સવારના આરામ ખુરશીપર બેઠો બેઠો હાથમાં બાણભટ્ટ વિરચિત કાદમ્બરી લઇ તેનાં પાના આમતેમ ફેરવી રહ્યો છે. એટલામાં વિલાસપુરની પ્રધાન પુત્રી સ્નેહલતાની સખી ચંદ્રિકા ત્યાં આવી. પ્રિય વાંચકો ! સૌભાગ્ય બન્ને જણને સારી રીતે ઓળખતો હતો, કારણ કે એક દીવસ સ્નેહલતા અને ચંદ્રિકા " આનંદ વિલાસ " બાગમાં વિનોદ વાર્તા કરી રહ્યાં હતાં એવામાં અચાનક એક સર્પ સ્નેહલતાના પગે વીંટાઇ ગયો. આ જોઇ ચંદ્રિકા " મ્હારી સખીને કોઇ બચાવો ! " બચાવો ! ! એમ જોરથી બુમો પાડવા લાગી તેની બુમો સાંભળી ઘણા લોક ત્યાં ભેગા થઈ ગયા તેમાં દૈવેયોગે સૌભાગ્ય કુમાર પણ હતો અને સર્વની અજાયબી વચ્ચે તેણે મૃત્યુંનો ભય ન રાખતાં સ્નેહલતાને નાગપાસથી છોડાવી દીધી. તેજ દિવસે બન્નેનાં હૃદયમાં પ્રેમગાંઠ પડી હતી પરંતુ સર્વ મનુષ્યોની વચ્ચે તેનાથી શરમને લીધે કાંઇ પણ વાત થઇ શકી નહોતી. અસ્તુ. વ્હાલા વાંચકો ! ચાલો ! હવે આપણે આપણી ચાલતી વાર્તા તરફ નજર કરો.

ચંદ્રિકાનો પાન સોપારીથી સત્કાર કર્યા પછી સૌભાગ્યે સ્નેહ-

લતાના કુશળ વર્તમાન પૂછ્યા તેના ઉત્તરમાં તેણે કહ્યું. કુમાર! જે દિવસે બાગમાંથી આપ તેના હૃદયની ચોરી કરી ચાલ્યા ગયા ત્યારથી વિના અગ્નિએ તે દહન થાય છે. અશ્રુપ્રવાહથી ધરા દેવીને ભીંજવે છે, અને ઉષ્ણ નિશ્વાસથી સુકવે છે. કૃષ્ણપક્ષની અષ્ટમીના ચંદ્રની માફક તેનું સૌંદર્ય માત્ર અર્ધુંજ અવશેષ રહ્યું છે, એકંદરે કહેવાનું કે મહા પરાકાષ્ટાએ તે પોતાના દેહને રાખી શકી છે. એટલું કહી ચંદ્રિકાએ પોલકાના ગજવામાંથી એક પત્ર કાઢી સૌભાગ્યના હસ્તમાં મુકયો.

પત્રમાં નિચે પ્રમાણે લખેલું હતું.

" સંસારની તેમજ અગ્નિ તથા સૂર્ય દેવતાની સમક્ષ જ્યાંસુધી લગ્નસંબંધ નથી થયો ત્યાં સુધી કંઇ પણ પ્રેમ દર્શક સંબોધનથી લખવાની શરૂઆત ન કરતાં સાધારણ રીતથીજ લખું છું. કૃપા કરી તેનો સત્કાર કરશો. "

સદ્ગુણનિધિ સૌભાગ્ય કુમાર—આજ સાંજના પાંચ વાગે કૃપા કરી આનંદ વિલાસ બાગમાં પધારી માત્ર પા કલાકને માટે નિર્દોષ વાતચીતનો પ્રસંગ આપશો એટલી મુજ રંકની નમ્ર પ્રાર્થના છે.

લી. જીંદગી પર્યંતની આભારી સ્નેહલતાના પ્રણામ.

પત્ર વાંચતાંની સાથેજ સૌભાગ્ય વિચારના શિખરપર ચઢી ગયો. હૃદય ધડકવા લાગ્યું, ચંદ્રિકાને શો જવાબ આપવો તે એકદમ સુજ્યું નહી તેથી સ્વગત વિચાર કરવા લાગ્યો, "અહા! શું તે બાળાનું લાવણ્ય! મેં ફક્ત તેમને બાગમાં સર્પદંશથી છોડાવ્યાં તેજ વખતે જોયાં હતાં બોલવા ચાલવાના વ્યવહાર વિના નિર્દોષપણે નજરે જોયાથીજ તેમના તરફ મારૂં દિલ આજ કેમ આટલું બધું આકર્ષાય છે! લાવ્ય

"હા" કહી દઉં ! ! ! બાગમાં મળવાથી શું હરકત છે? જેમ પ્રભુની ઇચ્છા હશે તેમ બનશે. સર્વશક્તિમાન દિનાનાથની ધારણા શિવાય કંઈ પણ થઇ શકતું નથી" એમ વિચાર કરી છેવટે કહ્યું. ચંદ્રિકા ! તમારી સખીને કહેજો કે "તમારા જણાવેલા વખતે હું ખુશીથી આવીશ"

"મ્હારી સખી ઉપર આપની એ કૃપાને માટે હું આપનો આભાર માનું છું" એવી રીતે વિનય પુર્વક કહીને ચંદ્રિકા પોતાને મુકામ ચાલી ગઇ.

વ્હાલા વાંચકો ! ચંદ્રિકાના ગયા પછી સૌભાગ્યની વિચારમાળા પાછી શરૂ થઇ ! આહા ! સ્નેહલતા ! ત્હારા પત્રથી અત્યારે મ્હારા હૃદયમાં કેટલું સુખ થાય છે ? જેમ કોઇ તૃપાતુર પ્રાણીને અમૃતની પ્યાલી મળી હોય યા અચાનક કોઇ નિર્ધનને જાણે છુપો ખજાનો મળ્યો હોય એવો અત્યારે મને ઉમંગ થાય છે ! ! ! અરે ? પણ હે ચંચળ મન ? તું આટલું બધું કેમ ઉતાવળું થાય છે ? હજુ એ પ્રેમી પુતળી ક્યાં ત્હારી થઈ ગઇ છે કે તું આવા આવા વિચાર કરે છે ?.

એવી રીતે સૌભાગ્ય પોતાના મનને એ પ્રમદાના વિચારમાંથી મુક્ત થવા ઘણું સમજાવવા લાગ્યો. પરંતુ નિર્મળ ઇશ્વરી પ્રેમ આગળ તેનું કાંઇ ચાલી શક્યું નહિ. અત્યારે તે પત્રનેજ આખી દુનિયા દેખી રહ્યો છે. જીંદગીનું સાર્થક એ પત્રમાંજ નિરખી રહ્યો છે. પરમાત્માની ખુબી ભરેલી લીલાનો ચિતાર અંતરમાં કલ્પી રહ્યો છે. આમ વિચારમાં ને વિચારમાં અગીયારના ટકોરા થયા. અને પોતે જાણે નિંદ્રામાંથી જાગૃત થયો હોય એમ લાગ્યું. આહા ! નિર્મળ પ્રેમનું કેટલું પરિમળ છે ?

સૌભાગ્યે દેહ નિભાવને અર્થે રૂચી પ્રમાણે જમી લીધું અને પછી સુંદર વસ્ત્રાલંકાર સજવાનું શરૂ કર્યું. મન ગમતો પોશાક પહેરી ઘટિકા યંત્રમાં જુએ છે તો ચાર વાગવાનો સમય થયો છે.

“ સ્નેહલતા પાંચ વાગ્યા પહેલાં તો ઘણું કરી નહિજ આવે ” એવું ધારી જરાક આરામ લેવા ખુરસીમાં બેઠો અને બરાબર પાંચ વાગે બાગ તરફ નીકળ્યો. પ્રિય વાંચકો ! સૌભાગ્યને ક્યાંથી ખબર કે તે પ્રેમ તૃષાતુર ચાતકી પોતાના પહેલાં ક્યારનીએ આવીને સૌભાગ્યરૂપી જળની આતુરતાથી રાહ જોતી બેઠી છે ! સ્નેહલતા સુવર્ણનું નાનકડું ઘડીયાળ હાથમાં લઇ હૃદયમાંથી ઉષ્ણ નિસ્વાસ કાઢી રહી છે. આ યંત્રની ગતિ આજ કેમ ધીમી લાગે છે ! ! ! આમ ઘડીમાં ઘડીયાળને દોષ દે છે તો ઘડીકમાં ઉંચે સૂર્યનારાયણ તરફ નજર કરે છે. એવી રીતે મળવાની આતુરતાને લીધે એક પળને વર્ષ સમાન લેખે છે.

છેવટે તેની એ અધિરતાનો અંત આવ્યો. સામેથી સૌભાગ્યને દેખી જેમ ચંદ્રથી અંધકાર તતક્ષણ દુર થાય છે તેમ તેના મનની વ્યગ્રતા નાશ પામી. અને હૃદયમાં અપૂર્વ પ્રેમનો ઉમળકો આવ્યો.

“ પધારો ! મહાશય ! આપને આ વખતે શ્રમિત કરવા બદલ આ અબળા નમ્રતાથી ક્ષમાની પ્રાર્થના કરે છે.” સ્નેહલતાએ સ્નેહ સાગરમાં ઉછળતાં અત્યંત મૃદુતાથી એ વાક્યનો ઉચ્ચાર કર્યો. સૌભાગ્યના ઓષ્ટમાં જરાક સ્મિત આવ્યું અને એ સ્મિત સ્નેહલતાના કોમળ અંગમાં વિદ્યુત્ વેગે પ્રયાણ કરી ગયું. તેણે કોચ ઉપર પોતાની બેઠક લેતાં વિનયના સાક્ષાત્ અવતાર રૂપ બની કહેવા માંડયું !—કુમારી

આપને મળવા આવવાથી મને જરા પણ તકલીફ થઇ નથી. અને તેને માટે મનમાં કાંઇ પણ લાવતાં નહિ! આપ સરખાં સુપ્રસંસ્કૃત આર્યા સાથે વાર્તાલાપ કરવાનો અમુલ્ય અવસર પ્રાપ્ત કરવા માટે હું મને અત્યંત ભાગ્યશાળી માનું છું. (સ્વગત) અહા! જો આ રંભા તુલ્ય રમણીના હૃદયમાં મારે માટેજ સ્થાન હોય તો મારા જેવો નસીબવંત નર બીજો કોણ હોઇ શકે? પૂર્વ જન્મનાં સુકિત અને અખિલવિશ્વના કર્તા પ્રભુની કૃપા શિવાય આવી સુર સુંદરિ કોઇને મળી શકતી નથી. (પ્રગટ) હે રમણી! અત્યારે આ સેવકને અહીં બોલાવવાનું કારણ જણાવશો? સૌભાગ્ય કુમારે તદ્દન અજાણ્યાનો ડોળ કરી કહ્યું.

નર રત્ન? આપ નાહક મને વ્હેમને હીંચોળે શા માટે હીંચાવો છો? આપના અંતઃકરણની સત્ય વાર્તા કહી દો. કેમકે આ પ્રેમઘેલી દુઃખી દારાનું હૃદય હવે વધારે ધૈર્ય ધારણ કરવાને અશક્ત છે. દુર્ભાગ્યવશાત્ જો કદાચ હું આપના હૃદય મંદિરમાં વિરાજવાને અયોગ્ય જણાતી હોઉં તોપણ હે ઉદાર દિલના કુમારશ્રી? આ તરુણીના જીવની દયાને ખાતર આપે મને આપની ચર્ણરજ બનાવવીજ પડશે. કેમકે હવે મને આ સંસારમાં આપના શિવાય કોઇ વસ્તુપર મોહ નથી. મારી જીંદગીનો આધાર આપના પ્રત્યુત્તર પર રહ્યો છે." સ્નેહલતાએ ગંભીરતા ધારણ કરી કહ્યું અને આશા ભર્યા વદને સૌભાગ્ય તરફ જાણે તેને વિનવતી હોય તેમ જોઇ રહી.

સૌભાગ્ય—હે પ્રમદા! જો આજ્ઞા હોય તો સ્પષ્ટ જવાબ આપતા પહેલાં હું કંઇક પુછવા માગું છું.

"ઘણીજ ખુશીથી" સ્નેહલતાએ અનુમતિ આપી.

સૌભાગ્યને જો કે "હસ્ત મેળાપ" સુચકજ ઉત્તર આપવો હતો પરંતુ જરાક વિનોદની ખાતર તેણે બાહ્યાડંબર કરી આનાકાની દર્શક પ્રશ્નો કરવા શરૂ કર્યા.

સ્નેહલતા! હું અત્યારે કેવી સ્થિતિનો માણસછું! તેનો તમે કાંઇ વિચાર કર્યો? પ્રેમ જેવી અમુલ્ય વસ્તુની તમે એકદમ ખરીદી કરવા ધારો છો એ જોઇ મને ભારે આશ્ચર્ય થાય છે. મારા જેવા ગરીબથી પ્રેમ બાંધી તમે શું સુખી થશો વારૂ?

સ્નેહલતા—હું આપને પ્રથમથીજ કહી ચુકીછું કે મને દ્રવ્ય કે રાજ્યવૈભવના ઉપભોગની વાંચ્છના નથી. માત્ર આપના પ્રેમનોજ અનુરાગ છે. વળી હું એટલી બધી ભોળી પણ નથી કે કસોટી કર્યા વિના પ્રેમ હીરો ખરીદી લઉં! માટે કૃપા કરી એવા સવાલ કરવા મુકી દયો અને મારા ભમતા દિલને શાંતિમાં લાવો.

"પણ કુમારી! આ વિષે આપે માતાપિતાની સંમતિ લીધી છે કે નહિ? કેમકે દરેક કાર્યમાં અને વિશેષે કરી આવા અગત્યના કાર્યમાં તો વડીલની આજ્ઞા અવશ્ય મેળવવી જોઇએ" સૌભાગ્યે વળી પ્રશ્ન કર્યો.

સ્નેહલતા—કુમારશ્રી! એ વાતે આપ નિશ્ચિંત રહેજો કારણ કે મારાં સુસંસ્કારી અને સરલ દિલનાં માતાપિતામાં મારો સંપુર્ણ વિશ્વાસ છે કે તેઓ આ કાર્યમાં મારી ઇચ્છા વિરૂદ્ધ જરા પણ નહિ વર્તે.

"ત્યારે મ્હારી હૃદય મંદિરી! ઇષ્ટદેવતાની તથા પતિત્ પાવન સૂર્ય નારાયણની શાખે કહુંછું કે, આજથી આ સૌભાગ્ય તમારોજ

છે. અને શુદ્ધ દાંપત્ય પ્રેમ દિપાવી સદાને માટે તમારોજ રહેશે. હું સર્વ શક્તિમાન પ્રભુને વિનવણી કરૂંછું કે મને આ પ્રતિજ્ઞા જીંદગીની છેલ્લી ઘટિકા પર્યંત પાળવાની શક્તિ આપજો " સૌભાગ્ય કુમારે પ્રેમાવેશથી કહ્યું.

"બસ પ્રાણાધાર!!! આજ મારો નારી જન્મ સફળ થયો. હૃદય ધન! આજનો દિવસ અને આ પળ મને કલ્પવૃક્ષ સમાન લાગે છે" એમ કહી સ્નેહલતાએ કોચ નીચેથી પોતાને હાથે ગુંથેલો એક સુગંધી પુષ્પનો હાર કાઢી પ્રફુલ્લ વદને સૌભાગ્યના ગળામાં પહેરાવ્યો અને પોતે હાથ જોડી તેની સામે ઉભી રહી. આ વખતે હદ કરતાં વધારે આનંદ થવાથી સ્નેહલતાનાં ચક્ષુમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં.

આવી રીતે નૂતન દંપતિ પવિત્ર પ્રેમના વિશાળ સાગરમાં ઝીલી રહ્યાં છે. પરંતુ તેમને આનંદ કરતાં જોઇ દૈવને જાણે અદેખાઈ ન આવતી હોય? તેમ દિનકર જલ્દી જલ્દી અસ્ત થવા લાગ્યો. છેવટે સ્નેહલતાએ ગૃહ તરફ જવાની રજા માગી!

સૌભાગ્ય—પ્રિયે! રજા કેમ કરી આપું? હું હવે તમારાથી એક પળ પણ વિમુખ રહી શકું તેમ નથી.

સ્નેહલતા—હૃદયાધાર! હું આપની પાસે રજાની યાચના કરૂંછું પરંતુ તેથી મ્હારા અંતરમાં કેટલું દુઃખ થાય છે એ એક અંતર્યામીજ જાણે છે પણ પ્રભુ! માતાપિતા મનમાં મારે વિષે રખેને કાંઇ સંદેહ લાવે! એ કારણથી દિલને વજ્રથી પણ અધિક કઠિન કરી રજા લેવી પડે છે. સર્વેશ્વર આપણા પવિત્ર પ્રેમમાં મદદગાર થઇ શિઘ્ર મેળાવશે.

સૌભાગ્ય—સિધાવો ! ત્યારે હૃદયમણિ, દયાળુ પ્રભુ જરૂર આપણી આશા સફળ કરશે.

આમ અરસપરસ પ્રેમ જ્યોતિ પ્રકટાવી બંન્ને જણ છુટાં પડયાં. સૌભાગ્ય ઘેર આવી બીછાનામાં પડયો પરંતુ તે દિવસે નિંદ્રા દેવીએ તેનાપર બીલકુલ કૃપા કરી નહિ.

અંત્ર જણાવવું અવશ્યનું છે કે બંન્નેએ બાગમાં પોતપોતાની જન્મભૂમિ તેમજ સર્વ કુટુંબી જનોનાં નામ પણ જાણી લીધાં હતાં.

પ્રકરણ ૪ થું.

આત્મ વિરહ.

એક દિવસ સૌભાગ્ય કુમાર પોતાના નિત્ય નિયમ પ્રમાણે હસ્તમાં શીવ પુજનનો થાળ લઈ દેવળ તરફ ચાલ્યો જાય છે. થાળમાં અક્ષિત, ચંદન, પુષ્પ, નૈવેદ્ધ, ઘ્રૃત વિગેરે પુજન સામગ્રી દીપી રહી છે. એક હાથમાં ગંગાજળ સમાન નિર્મળ વારિનો કળશ રાખેલો છે. અંગ ઉપર કેસરી પીતાંબર ધારણ કરેલું છે. ગળામાં સુંદર રેશમી, ઝીકથી ભરેલો રૂમાલ ઝળકી રહ્યા છે.

આવા સુંદર સ્વાંગથી તે શંકરના દેવળમાં આવી પહોંચ્યો. એક ચિત્તથી સામગ્રીવડે પુજન કર્યા પછી મોટા સ્વરથી નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

શાર્દુલ વિક્રિડીત.

વંદુ હે ગીરિજાપતિ સુરપતિ, ચર્ણે નમું ઇશ્વરા !
ધારી કૃત્તિ ગજેન્દ્રના શુભકરા એવા શ્રી વિશ્વેશ્વરા.
સેવા નિત્ય કરી રહ્યો હ્રદયથી કષ્ટો બધાં કાપજો.
માત્, ભ્રાત, પિતા ભગીનિ સહ સૌ આનંદમાં રાખજો.

જાણે શંકરે પ્રાર્થના સાંભળી લીધી હોય તેમ ઘોર નિર્જન અરણ્યમાંથી અવાજ આવવા લાગ્યો. સૌભાગ્ય ચકિત થઈ કાન દઈ સાંભળી રહ્યો.

નીતિનો અવતાર છે કુંવર તું આવું ઘટે ના તને
વ્હાલાં માતપિતા તજી અહીં રહે સાલે ઘણું તેમને
છોડયાં સર્વ સુખો રૂડાં જીવનનાં સૌભાગ્ય વિયોગથી
અસ્થી, ચર્મ વિના બીજું નવ દિસે જીદાહના રોગથી—

ઓ વિભુ ! અત્યારે અહીં કોઇ મનુષ્ય દ્રષ્ટિગોચર થતું નથી અને આ અવાજ કયાંથી આવતો હશે ? વળી અવાજ મારા કોઇ પરિચીત મનુષ્યનોજ લાગે છે. આમ વિચાર કરે છે એટલામાં એક પુરૂપ તેની સમક્ષ આવી હાથ જોડી ઉભો રહ્યો—વાંચક બંધુઓ ! આ મનુષ્ય મહારાજા સૂર્યસેને સુવર્ણપુરથી સૌભાગ્યની શોધ કરવા મોકલેલાં માણસોમાંનો એક હતો. તેનું નામ રામસિંહ હતું. રામસિંહ સુવર્ણપુરના લસ્કરનો એક અગ્રગણ્ય વિરનર હતો. સૌભાગ્ય કુમારની દરેક સ્થળે શોધખોળ કરતો કરતો તે બે દિવસથી વિલાસપુરમાં આવ્યો હતો. આજે અચાનક શીવપુજન કરવા જતાં તેણે તેને ઓળખી કાઢયો. પરંતુ રસ્તામાં એકદમ બોલાવવાનું ઉચિત ન ધારી તેની પાછળ પાછળ ચાલ્યો. તેમ સૌભાગ્યનું ધ્યાન પણ શીવપુજનમાંજ હોવાથી પાછળ કોણ આવે છે તેની તેને ખબર રહી નહિ. અસ્તુ.

રામસિંહને જોઈ સૌભાગ્યનાં નેત્રમાંથી એક સરખો અશ્રુપ્રવાહ વહી નીકળ્યો. પછી તેણે તેવીજ પરિસ્થીતિમાં માતાપિતા વિગેરેની ખબર પુછવા માંડી.

હરિગીત.

ઓ મિત્ર કો' મુજને તમે માતા અને પિતા તણો
હેવાલ સુખ દુ:ખનો બળાપો થાય છે આજે ઘણો

ભગિની અતિ વ્હાલી મુને ના શરીરે સુખી જરી?
દુર્બળ થયાં શું સર્વ આ પાપી તણા દુઃખે કરી?

માતા પિતાના અનહદ પ્રેમને લીધે આંસુ ચોધાર વહ્યાં જાય છે.

રામસિંહ—ભાઇ? હવે આમ બાળકની પેઠે રડવું મુકી ગૃહ તરફ ચાલો કે જેથી તમારૂં મુખ જોયા વિના તરફડતાં માતપિતા અને સ્નેહીજનો આનંદ પામે!

સૌભાગ્ય—વ્હાલા મિત્ર રામસિંહ? હું વગર વિલંબે તમારી સાથેજ ઘેર આવું છું. પરંતુ મને મારો ઉભરો ખાલી કરવા દો. અત્યારે મને માતાપિતાના વિયોગ દુઃખનો ઉભરો બાઝી ગયો છે. મારાં નેત્ર ઘણા દિવસથી તેમનાં દર્શન વિના મલીન થયાં છે. ભાઇ! આજે તે જરાક અશ્રુજળથી ધોવા દો.

આવી રીતે શોકમાં ઘણો સમય વ્યતિત કરી છેવટે શંકર સ્તવન કરી બંન્ને ઘેર ગયા. સૌભાગ્યે ઘેર આવી તુર્તજ નોકર સાથે પત્ર-દ્વારા બ્રહ્માનંદ સ્વામીને સર્વ હકીકત દર્શાવી સુવર્ણપુર જવાની રજા લઇ લીધી. બીજે દીવસે બંન્નેએ સૂર્યોદય પહેલાં સુવર્ણપુર તરફ પ્રયાણ કર્યું.

પ્રકરણ ૫ મું.

મેળાપ.

પ્રભાત થવાની તૈયારી છે, પક્ષીઓનો મધુર કાકેરવ પ્રભુની રમ્ય લીલાનું ભાન કરાવી રહ્યો છે. પરોઢીયાનો શીતળ અને સુખકારી પવન પ્રાણી માત્રને આનંદ આપી રહ્યો છે. આ વખતે બંન્ને મિત્રો સુવર્ણપુર તરફ આતુરતાથી ચાલ્યા જાય છે.

"મિત્ર રામસિંહ! શું મારાં દયાળુ અને પુજનીય માતાપિતા આ પાપીના દુઃખથી શરીરે કૃષ બની ગયાં છે?" સૌભાગ્યે બળતા હૃદયમાંથી એક ઉષ્ણજવાળા કૈંકી.

રામસિંહ—ભાઇ! છે તો તેમજ પરંતુ એક વખત ફરીથી જ્યારે તેઓ તમને જોશે એટલે તેમનું સર્વ દુઃખ સમી જવાનું.

આ વિશ્વમાં ઘણી સ્ત્રીઓ પતિના વિયોગથી, કોઇ પુત્રના વિયોગથી, તો કંઇક જનો પોતાના વ્હાલા મિત્રોના વિયોગથી એમ અનેક સ્ત્રી પુરૂષો પોતપોતાનાં પ્રેમીઓના વિયોગ દુઃખથી વગર અગ્નિએ બળ્યાં કરે છે. તમારાં માતપિતા પણ દૈવયોગે પુત્રવિયોગના દુઃખનો ભોગ થઇ પડયાં છે. અને તેને લીધેજ તેમની એવી દશા થઇ છે. મિત્ર! પ્રભુ કૃપાથી હવે તે દુઃખ દુર થવાનો રમણિય અવસર નજીક આવ્યો છે. માટે મનમાં જરાપણ શોચ કર્યા વિના ઇશ્વરનો આભાર માનો કે જેથી દિલમાં શાંતિનો પ્રસાર થાય.

એ પ્રમાણે બંન્ને મનના ઉભરા ખાલી કરતા અને એક બીજાના

સુખ દુઃખની વાતો કરતા ચાલ્યા જાય છે. જેમ જેમ નજીક આવતા જાય છે, તેમ તેમ હૃદયની વિવ્હળતા વધતી જાય છે. અંતે સર્વ આતુરતાના અંતરૂપી સુવર્ણપુર શહેરનાં મંદિર જણાવા લાગ્યાં.

સૌભાગ્ય કુમારને ઘણે દિવસે પોતાની જન્મભૂમિનાં દર્શન થવાથી નેત્રમાં જળ ભરાઈ આવ્યું. અહા! માતૃભૂમિ! એ નામજ કેવું મીઠું લાગે છે!!! પોતાને મનુષ્ય તરીકે ઓળખાવનાર એવો કોઇ પણ નર નહિ મળે કે જેને માતૃભૂમિપર પ્રેમ ન હોય! અસ્તુ.

પ્રધાન વિરસિંહજી પોતાના ગૃહ વિષે પુત્રની ચિંતામાં વખત વ્યતિત્ કરતા બેઠા છે. ચંદ્રમુખી એક પુસ્તક વાંચી રહી છે, અને તેની માતુશ્રી તિલોત્તમા એક ઠેકાણે બેઠી બેઠી અશ્રુ ખાળી રહી છે. શરીર ખાખવત્ બની ગયું છે. તેના હૃદયમાંથી એક પછી એક ઉદ્‌ગાર નીકળ્યાં જાય છે. હાય! પુત્રવિનાનો સંસાર વૃથા છે. પ્રભુ! મેં પૂર્વજન્મમાં એવાં શાં પાપ કર્યાં હશે કે મારૂં પુત્રરત્ન આટલી નાની વયમાંજ મારાથી વિમુખ થયું? દયાળુ દિનાનાથ! હવે દયા કરો. તમે ગરીબના બેલી છો! પતિત્ પાવન છો, સર્વના અપરાધ ક્ષમા કરવા વાળા છો. હે પ્રભુ! અમારા અપરાધ સામું જો આપ જૂઓ તો અમે પળ પણ જીવી શકીએ નહિ. તથાપિ તમે સર્વના ઉપર દયા રાખી સૌનું કાર્ય સારો છો! તેવીજ રીતે હે દીનબંધુ! પંચાળીનાં ચીર પુરનાર પ્રભુ! મારો કાંઈ અપરાધ થયો હોય તો ક્ષમા કરો અને પુત્રનું મુખ દેખાડો. હું ઘણોજ ગભરાઉં છું!!! આમ રૂદન કરતાં કરતાં તિલોત્તમાને જાણે છાતીમાં ડુમો જામ્યો હોય તેમ તે મુંઝાવા લાગી. ચંદ્રમુખી માતુશ્રી પાસે આવી દિલાસો આપવા લાગી!

તતક્ષણ તેનું દુઃખ દૂર કરવાને જાણે આકાશમાંથી ફિરસ્તા

આવ્યા હોયની! તેમ થયું. સૌભાગ્ય તથા રામસિંહે હર્ષથી ઉછળતા હૃદયે બારણામાં પ્રવેશ કર્યો અને તુર્તજ બન્ને જણા વિરસેનના ચર્ણ-માં પડયા!!! તિલોત્તમા તથા ચંદ્રમુખી દોડતાં દોડતાં "કોણ! ભાઈ સૌભાગ્ય!!!"નો હર્ષધ્વની ગજાવતાં એકદમ આવી પહોંચ્યાં. વ્હાલા વાંચકો, આ વખતે પ્રધાનના દુઃખી ગૃહમાં સર્વને કેટલો અને કેવો આનંદ થયો હશે? તેનો વિચાર હું આપનેજ સોંપું છું. કેમકે તેનું પરિપૂર્ણ વર્ણન તો કોઈ વિદ્વાન લેખકની લેખિનીજ આલેખી શકે! મ્હારા જેવા પામરથી એ કાર્ય થવું અશક્ય છે!

વિરસને બન્નેને સજલ નેત્રે હાથ પકડી ઉઠાડ્યા. પુત્ર ધર્મ જાણ-નાર સૌભાગ્યકુમારે માતપિતાની રજ લઈ માથે ચઢાવી અને માતા તથા બ્હેને તેનાં ઘણા હેતથી ઓવારણાં લીધાં.

અહા! દયાનિધે! તમારી અગમ્ય લીલાનો કોણ પાર પામી શક્યું છે? તમે પળમાં રંકને રાય અને રાયને રંક બનાવી દો છો. ઘડીમાં હસાવો છો ને ઘડીમાં રડાવો છો.

એક ઘડી પહેલાં દુઃખનાં અશ્રુ સારતાં માતાપિતા આનંદનો અનુ-ભવ કરવા લાગ્યાં. તેમના હૃદયમાં આનંદ ન સમાઈ શકવાથી તે લોચનદ્વારા ઉભરાઈ જતો હતો.

આવી રીતે સ્મશાનવત્ ગૃહ એક પલકમાં દયાળુ પ્રભુની કરૂણા થવાથી ગાજતું અને બગીચા સમાન થઇ ગયું.

પ્રકરણ ૬ ઠું.

પાપ કર્મનું પરિણામ.

વાંચક મિત્રો! નવી રાણી કંનકાંગીનું પાપ કર્મ હજુ પ્રકટ થવા પામ્યું નથી અને તેણે પણ સમજી લીધું હતું કે મારા આ કૃત્યને કોઈ જોઇ શકતું નથી. ખરેખર કામી સ્ત્રી પુરૂષો પોતાની આસપાસ બાર ગાઉ સુધી સઘળે ઉજ્જડજ દેખે છે, અને સર્વને આંધળાંજ માને છે. પણ તેઓ જાણતાં નથી કે આમ કરવામાં આપણીજ ભૂલ છે અને સર્વલોક આંધળાં નથી પણ આપણે પોતેજ અંધ છીએ.

આજે પૂર્ણિમાનો દિવસ છે. મહારાજા સૂર્યસેનને દર પૂર્ણિમાના દિવસે શિવના દેવળમાં રાત્રે બાર વાગ્યા સુધી શંકર સ્તવન કરવાનો અચળ નિયમ હતો. અને તે રાત્રે શયન પણ ત્યાંજ થતું. પોતાના એ નિયમને માટે તેમણે દેવળની શોભામાં ઘણીજ વૃદ્ધિ કરી હતી.

કંનકાંગી આ પ્રસંગનો લાભ લઇ પોતાના આશક સાથે તે દિવસે નિર્ભયતાથી ભોગવિલાસમાં મશગુલ રહેતી હતી. આજે પણ રાત્રિના દશ વાગવાનો સમય થયો કે તુર્તજ તેણી મહેલમાંથી સુંદર વસ્ત્ર શણગાર પહેરી રતિકાન્તના ગૃહ તરફ નીકળી. આ લાલ સાહેબ પણ વ્હાલી માશુકનીજ માળા ફેરવતા બેઠા હતા. બન્ને પાપી પંખીડાં એકઠાં થયાં અને પ્રેમ વાર્તાલાપ કરવા લાગ્યાં.

પરંતુ પાપી કદી છુપું રહેતું નથી. તે તો માથાપર રહીને બોલે છે. આજે તેજ ચેતવણી આપનાર પાપ કંનકાંગી અને રા. રા. શ્રીયુત રતિકાન્તના માથાપર ચઢીને બોલવા લાગ્યું. પરંતુ વિષયમાં મુગ્ધ બની

ગએલાં સ્ત્રી પુરૂપને તે ક્યાંથી સંભળાય? જે મનુષ્યને માથે કાળનું ચક્ર ફરતું હોય છે તે હજાર વખત સમજાવ્યા છતાં પણ સમજતો નથી. જ્યારે લંકા નાશ થવાનો સમય આવ્યો ત્યારે રાવણ જેવાની બુદ્ધિ પણ નાશ પામી અને સીતા સતીપર કુદ્રષ્ટિ કરી. તેવી જ રીતે આજે કંનકાંગીના પાપનો ઘડો ફુટવાનો તેથી કે કોણ જાણે શા કારણથી! પણ મહારાજા સૂર્યસેનને કદી નહિ ને આજ પૂર્ણિમાના દિવસેજ નગરચર્યા જેવાની પ્રબળ ઇચ્છા થઇ આવી. અને એકદમ શીવપૂજનથી વિમુક્ત થઇ ત્યાંથી નિકળ્યા.

બરાબર બાર વાગ્યા છે. શહેરમાં સર્વ લોકો નિંદ્રાને આધિન થયેલાં છે. મહારાજા સરિયાન રસ્તા ઉપર થઇને ચારે તરફ નજર નાંખતા ચાલ્યા જાય છે. વૃદ્ધ વય હોવા છતાં તેમનાં હૃદયમાં ક્ષત્રિય તેજ હોવાથી ભયનો લેશમાત્ર પણ આવિર્ભાવ જણાતો નહતો.

થોડીકવારે અનેક સર્વે ઉપમા યોગ્ય રતિકાન્તજીનું ઘર આવ્યું. અહીં દિપકની રોશની ઝગમગાટ કરી રહી છે. અરે? અત્યારે સર્વલોક નિંદ્રાધિન છે અને માત્ર આ ગૃહમાં આટલી બધી રોશની કેમ? એવો મહારાજાને સહજ વિચાર થયો, અને તેથી તેઓ ત્યાં આગળ જરાક ખચકાઇને ઉભા રહ્યા. અહીં વાંચકો કદાચ પ્રશ્ન કરશે કે "શું ત્યારે આજે મહારાજાએજ આવો વિચિત્ર બનાવ નિરખ્યો ? બીજા કોઇને આટલા દિવસ આ કૃત્યની ખબર નહિ પડી હોય? તો તેનો જવાબ એ છે કે—નવી રાણી સ્ત્રી ચરિત્રમાં ઘણીજ કુશળ હતી અને પીંગળા રાણીની પેઠે તેણે બાહ્ય પવિત્રતા દર્શાવી મહારાજા વિગેરે સર્વનાં મન હરી લીધાં હતાં. મહારાજા ભર્તૃહરી સરખા પણ સ્ત્રી ચરિત્ર જાણી શક્યા નહોતા તો અન્યની શી વિશાત? અસ્તુ.

પેલા રોશનીવાળા ગૃહમાં નીચે પ્રમાણેનો વાર્તા ધ્વની સંભળાવા લાગ્યો. મહારાજા શ્રવણ કરતાં શાંત ચિત્તે ઉભા રહ્યા.

કનકાંગી—વ્હાલા રતિકાન્ત ? પ્રથમના કરતાં થોડા દિવસથી મારા ઉપર તમારી પ્રિતી વધી હોય એમ જણાય છે ?

રતિકાન્ત—રાણી ! પ્રથમ આપણા પ્રેમમાં કંટકરૂપ પ્રધાન પુત્ર સૌભાગ્ય કુમાર જીવતો હતો તેની બુદ્ધિ અને વિરતા જોઇ મારા મનમાં ઘણોજ ભય રહેતો હતો.

કનકાંગી—ત્યારે શું હવે મારો આનંદ સદાને માટે લુટાઇ ગયો ? રતિકાન્ત ! મેં સાંભળ્યુ છે કે ગઇ કાલે રામસિંહ તેને વિલાસપુરથી શોધી લાવ્યા છે !!!!!

* * * * *

મહારાજા સૂર્યસેનથી હવે સ્થિર રહી શકાયું નહિ. તેમને નખથી શિખા સુધી જ્વાળા લાગી ચક્ષુમાંથી અગ્નિની ચિંગારીઓ નીકળવા માંડી. કમ્મરમાંથી તલવાર એકદમ બહાર કાઢી ભાદ્રપદ માસના મેઘ સમાન ગર્જી ઉઠયા-

ઓ નીચ ! કામાંધ ! એક પળ માત્રનો વિલંબ કર્યા શિવાય આ ક્ષણેજ દ્વાર ખોલી દે. બસ ? થઇ ચુક્યું. વ્યાઘ્રના દેખાવથી ગરીબ બિચારાં બકરાંની સ્થિતિ થાય છે તેવીજ સ્થિતિ અત્યારે બંન્નેની થઈ ગઇ !

રતિકાન્તે જાણ્યું કે હવે રાજા મને જીવતો છોડનાર નથી. મારૂં પાપ મેં મારા હાથેજ પ્રગટ કર્યું છે. હવે તેમનાં વચન બાણ સહન કરીને તથા રીબાઇને મરવા કરતાં આ ક્ષણેજ મરવું વધારે સારૂં

છે. કનકાંગીનો મત પુછતાં તેણે પણ એજ વાત પસંદ કરી. તેજ વખતે બંન્નેએ સામસામી કટાર ભોંકી પોતાના પ્રાણ કાઢી નાખ્યા. બે પાપી-અત્યાચારી જીવો એક પલક માત્રમાં પોતાનાં કર્મ ફળ ભોગવવા માટે શ્રી પરમાત્માની હજુરમાં ચાલ્યા ગયા. તેમની મરતી વખતની ભયાનક ચીસ શ્રવણ થતાંજ મહારાજાએ જાણ્યું કે બન્નેએ આપઘાત કર્યા છે. અહા "પ્રભુ ! તમારી કળા ન્યારી છે" એમ ઉદ્દગાર કાઢતા તેઓ થોડીકવારે રાજ મહાલય તરફ ચાલતા થયા.

બીજે દિવસે મહારાજાએ તેમનાં શબને અગ્નિસંસ્કાર કરાવ્યો. અને વધારામાં સ્મશાન ભૂમિ ઉપર નીચે પ્રમાણે એક શીલાલેખ પણ કોતરાવ્યો.

"ધિક્કાર છે નર નારને જે જાર કર્મો ચ્હાય છે.
અત્યંત દુઃખો ભોગવી પરલોક પાપી જાય છે.
ઇન્સાફ ઇશ્વરની સમક્ષ ખરેખરો ત્યાં થાય છે.
અંતે ખરૂં સુખ પામવા નિજ ધર્મ શ્રેષ્ઠ ગણાય છે."

પ્રકરણ ૭ મું.

પિયુવિરહ.

પ્રભુની અગાધ શક્તિથી રચાએલા સંસારમાં બે દિલની વચ્ચે જે સાચા પ્રેમની ગાંઠ પડેલી હોય છે તેમને સર્વ દુઃખ કરતાં વિયોગ દુઃખ ઘણુંજ દુષ્કર લાગે છે. આજે આપણી સુપરિચીત સ્નેહલતા કુમારી આવાજ પ્રકારના અસહ્ય દુઃખનો ભોગ થઇ પડી છે. પ્રિય વાંચક ભ્રાતાઓ ! આવો આપણે જરાક તેની સ્થિતિ તરફ દ્રષ્ટિ કરીએ.

મધ્ય રાત્રિનો સમય થવા આવ્યો છે. શુક્લપક્ષી હોવાથી નિશાનાથ ચંદ્રમા પોતાના તારક રૂપી સૈન્ય સહિત ગગનમાં ઝગઝગાટ કરી કરી રહ્યો છે. અત્યારે વિલાસપુરમાં જાણે શાન્તિદેવીએજ પોતાનો નિવાસ કર્યો હોયની! તેમ દેખાતું હતું માત્ર રાજ્ય મહાલયની સમીપમાં આવેલા એક શુશોભિત મકાનમાં પ્રધાનપુત્રી સ્નેહલતા ઉષ્ણુ નિસ્વાસ નાખતી બેઠી છે. આ વખતે તેણે અંગ ઉપર એક શ્વેત વસ્ત્ર પરિધાન કરેલું છે. તેનું અપ્સરાને પણ લજ્જીત કરાવે એવું અપ્રતિમ લાવણ્ય શૃંગારાવના પણ અત્યંત મનમોહક લાગતું હતું. તેનું લલાટ જાણે કામદેવને બીરાજવાનું સ્ફાટિકમય સિંહાસન હોય, અથવા અષ્ટમીનો પ્રકાશમાન ચંદ્ર હોય એવું લાગતું હતું. તેના કપોળો લાવણ્યને નાચવાની રંગ ભૂમિ હોય યા વિધાતાએ ચંદ્રના બે ગોળ કકડા કરી બનાવ્યા હોય તેવા દિપતા હતા. કેશ પાશ મુખ રૂપી ચંદ્રમાંથી અમૃત પીવાને આવેલા નાગ સમાન, નેત્રની ભમરો

કામદેવનાં ધનુષ્ય સમાન, ઓષ્ટ પરવાળાં સમાન અને દાંત અમૃત સાગરનાં શુશોભિત મોતી સમાન્ નેત્ર પ્રિય હતા. તેનો કંઠ કોકિલા સમાન કર્ણ પ્રિય હતો. તેનાં સ્તન જાણે હાથીનાં કુંભસ્થળ હોય અથવા અંગમાં સમાતાં વધેલું લાવણ્ય ગોળાકાર રૂપે બહાર ગોઠવાયું હોય, એમ લાગતું હતું. ત્રીવેલી જાણે કામદેવને સ્તનમંડળપર જવાને ત્રણ પગથીયાં હોય, હસ્ત જાણે કમળના હોય, અને પગ જાણે કદળી સ્તંભ હોય, એવો પ્રતિભાસ થતો હતો.

વળી આ લલિત લલનાને સુખ વૈભવમાં પણ કાંઈ કમી નહોતી. મનોરંજન માટે તેણે હાર્મોનીયમ, ફોનોગ્રાફ અને પીઆનો વિગેરે અનેક પ્રકારનાં મધુર વાજીંત્રો રાખેલાં હતાં. વિવિધ જાતનાં શ્રૃંગાર, નીતિ, વૈરાગ્ય, હાસ્ય, કરૂણા, અદ્ભુત વિગેરે નવે રસથી છલકાતાં બોધદાયક પુસ્તકોનો પણ સંગ્રહ કરી રાખ્યો હતો. તેના દિવાનખાનામાં લક્ષ્મીદેવીની પરિપુર્ણ કૃપાને લીધે મનને ગમે એવાં સુંદર, બહુ મુલ્ય વસ્ત્રો અને રત્ન માણિક્ય જડિત્ર ઘરેણાંની વિપુલતા હતી. નિવાસ સદન મનની અશાંતિનો પળમાત્રમાં નાશ કરે એવી રમણિય વસ્તુઓથી આચ્છાદિત કરેલું હતું. રવિવર્માના આકર્ષક ફોટા ભીંત પર ટાંગી દીધા હતા. કોઈમાં શકુન્તલા પોતાના પ્રિતમેશ્વર દુષ્યંત સાથે પ્રેમ લીલા કરી રહી છે. તો કોઈમાં સૌંદર્યની અનેક અપ્સરાઓ કમળમંડિત સરોવરમાં જળક્રીડા કરી રહી છે. એ ઉપરાંત ખુરસીઓ ઘડીયાળો કબાટ કૉચ મેજ પલંગ વિગેરે ઉપયોગી ફર્નીચર પણ સુવ્યવસ્થાથી ગોઠવેલું હતું. આમ અનેક પ્રકારના વૈભવથી દિવાનખાનાને શૃંગારવામાં જરાપણ ખામી રાખી નહોતી.

ઉપરનાં સર્વ સુખો ઉપસ્થિત હોવા છતાં અત્યારે સ્નેહલતાને

પોતાના પ્રિયકર સૌભાગ્યકુમાર વિના કશું વહાલું લાગતું નથી. કારણકે નિર્જન વનમાં ક્ષુધાપિડીત મનુષ્યને સુવર્ણ ઉપયોગી થઈ પડતું નથી. એવે ઠેકાણે માત્ર ભક્ષ્ય પદાર્થોથીંજ જીવન રહી શકે છે. વિયોગ વેદનાનો પ્રકાર પણ તેને મળતોજ છે અને સ્નેહલતાનાં આજના સાક્ષાત્કાર અનુભવથી એ કથન વિશેષ પ્રમાણમાં સત્યસિદ્ધ થઇ શકે છે.

સ્નેહલતામાં યોવને ધીમે ધીમે પ્રવેશ કરવા માંડયો હતો અને મદનાયુદ્ધનાં તિક્ષણ શર તેના કોમળ શરીરમાં આરપાર નીકળી ગયાં હતાં. અગાશીમાંથી મંદમંદ શિતળ પવન આવતો હતો. પરંતુ તેથી તેનો કામાગ્નિ શાંત પડવાને બદલે ઉલટો વધારે જોરથી બળવા લાગ્યો. દિવાનખાનામાં નાના પ્રકારનાં સુગંધપુર્ણ સુમનની માળાઓ લટકાવેલી હતી અને પવનની લહરીઓથી ઘસડાઇ આવતી તેની સુગંધી સ્નેહલતાના મદનને વધારે ઉછૃંખલ કરી રહી હતી. દિવાનખાનાની પાસે તેના પિતાએ એક નાની વાડી બનાવરાવી હતી. અહીંયાં તે ઘણી વખત વિણા વગાડી પોતાના મધુર કંઠથી સર્વને આનંદ પમાડતી હતી. "વાડીમાં જવાથી આ કામજ્વર કંઇક શાંત થશે". એવો વિચાર કરી તે ધીમે ધીમે ઉદ્યાનમાં જઇ એક કૅાચ ઉપર બેઠી. ત્યાં નભોમંડળમાં રજનીકાંતને જોઇ તે આત્મગત્ કહેવા લાગી—હે નિશાપતિ! ચંદ્ર દેવ! અત્યારે તમારાવડે રાત્રિ રળિયામણી દેખાય છે. પરંતુ કૃષ્ણપક્ષમાં તમારા વિયોગને લીધે તે કેવી ભયંકર અને નિસ્તેજ લાગે છે. અહા! જગતમાં સર્વ પ્રેમદાઓના સંબંધમાં એવુંજ છે.

"શું ત્યારે મ્હારા પ્રેમી પ્રાણ? તમે દર્શન નહિંજ આપો? હવે તો હદ થઈ? વહાલા; આટલા બધા નિર્દય કેમ થયા? વિરહ

દુઃખના અતિરેક થવાથી સ્નેહલતા હવે પોતાના પ્રેમી ઉપર ઉતરવા લાગી. પિયુ! જો આમજ કરવું હતું તો મને પ્રિતિની સાંકળથી શા માટે જકડી? તે દિવસે બાગમાં જે કોલકરાર કર્યા હતા તે સર્વ શું વિસરી ગયા કે? નાથ? તે દિવસે આપ મને રસદ્રવિત વાણી વડે કહેતા હતા કે "કુમારી! તમારાથી એક પળ માત્ર પણ હું વિમુખ રહી શકું તેમ નથી." એ બધું શું ઉપર ઉપરથી કહેવાનુંજ કે?

થોડીકવારે વળી જાણે સ્વામીને વિનવતી હોય તેમ દયાર્દ્રભાવથી પૃથક્ પૃથક્ કડીઓ ગાવા લાગી—

ઓધવજી સંદેશો કહેજો સ્યામને—એ રાગ.

વ્હાલાજી તમે ક્રૂર બન્યા કાં આટલા?
ક્યાંથી શીખ્યા ઝુરવવાની ટેવજો.
વચન દીધુંતું હેત ધરીને બાગમાં;
રવિ, ચંદ્ર બે સાક્ષી રાખ્યા દેવ જો.

વળી જરાક અટકી.

મ્હારા પ્રિયકર! ત્યારે છેટે રહીને શું મ્હારા પ્રેમની પરિક્ષા કરો છો? વ્હાલા. પ્રેમની પરિક્ષા ઘણી રીતે થઇ શકે છે. જોઇએ તો મારા પ્રાણ પાથરૂં, બળતી જ્વાળાઓ સહન કરૂં: ભૂખ તરસ વેઠું. પણ આવી છેટે રહીને રીબાવવાની રીત છોડી દો અને આ કરમાઇ જતી કળીને પ્રકાશમાં લાવો.

કીંચિત્વાર થોભી પુનઃ કરૂણાજનક આલાપથી ગાવા લાગી.

ગજલ.

તમારા પ્રેમની પ્યાસી-પતિ પ્યારા રિબાવો શું.
ફરી સંધાન શર જૂદાઇનું વન્હિ મચાવો શું ?
શમે ના વસ્ત્ર કે વારિ, લતાના નેત્ર આધારી,
પિયુજી પ્રિત સ્વીકારી-નિરાશાને બતાવો શું.
કટારી કાં ગણી પ્યારી, દયાને છેક વિદારી;
અમારા અંગમાં મારી-પ્રભુજી અંત લાવો શું.
બનાવી બ્હાવરી પ્યારા, ફસાવી ફંદમાં દારા;
હવે જાલીમ હત્યારા-બનીને તરછોડાવો શું.
સલુણા પ્રેમ બી વાવી, ખીલ્યું ને પાંખડી આવી;
થતું એ વૃક્ષ ડુભાવી-વિના વારિ સુકાવો શું.
પધારો "શ્રી" હવે પાસે નહિ તો વિષ લેવાશે;
તમારૂં પુષ્પ ખોવાશે-દયા દિલે ન લાવો શું.

આમ ઝુરવામાં સ્નેહલતાએ ઘણો સમય વ્યતિત કર્યો પરંતુ નિંદ્રાદેવીએ તેનાપર જરા પણ દ્રષ્ટિ કરી નહિં. તેથી શાંતિની આશાથી ઉદ્યાનમાં આવેલી કોમળ અબળા કંગાળીને પોતાના દિવાનખાના તરફ ચાલી ગઇ.

પ્રકરણુ ૮ મું.

શિયળ ધર્મની પ્રભુતા.

રાત્રિ દેવીના અંધકારનો સર્વત્ર વિસ્તાર થએલો છે. વ્હાલા વાંચકો! આવા ભયંકર અંધકારમાં અત્યારે મનહરપુરી નગરથી આશરે એક માઇલને અંતરે આવેલા અરણ્યમાં ત્રણ પુરૂપ અને એક અબળા એક વૃક્ષ નીચે ઉભેલાં જોવામાં આવતાં હતાં. પુરૂષોમાં એક રાજવંશી અને બાકીના બે તેના અનુચર હોય એમ તેમના પોશાક અને મુખ દર્શનથી સ્પષ્ટ જણાઇ આવતું હતું.

"બંધુ? મને શીવપુજનના કાર્યમાં વિઘ્ન નાખી આપ આ સ્થળે શા માટે પકડી લાવ્યા છો? એક નીરપરાધી અબળાને અકારણ સંકટમાં નાખવાથી પ્રભુ આપના ઉપર રાજી નહિ રહે". સ્ત્રી વ્યક્તિએ વિનીત સ્વરથી કહ્યું.

"સુલોચના! એ તો તું જાણેજ છે કે હું આ શહેરનો નવાબ જાદો છું! મ્હારાથી તને સંકટ કે હાનિ થાય એવી કુકલ્પનાને હૃદયમાં લેશ માત્ર પણ સ્થાન આપીશ નહિ. અત્યારે હું તને અહીંયાં લાવ્યો છું એ માત્ર મારી ખાતરજ નહિ કિન્તુ તેમાં ત્હારો પણ મોટો સ્વાર્થ સમાએલો છે, અને એ ભેદ સ્પષ્ટ થયા પછી તું અવશ્ય મારો ઉપકાર માનીશ." નવાબજાદા સલેમાને સ્વાર્થી ભાવને વ્યક્ત કર્યો.

"નવાબજાદા! એ વાત સ્મર્ણમાંથી બહાર ન જવા દેતા કે રાજ્યકર્ત્તા-પ્રજાને પિતાતુલ્ય છે અને આપ એક ધર્માત્મા રાજ્યકર્તાના

પુત્ર હોવાથી મ્હારે સહોદર સમાન છો. મને કૃપા કરી વિલંબ કર્યા શિવાય ગૃહ તરફ જવા દો, એટલે મોટો ઉપકાર થએલોજ હું માનીશ. આપ તરફના એથી વિશેષ ઉપકારની મને લેશ પણ અપેક્ષા નથી." સુલોચનાએ પુનઃસવિનય કહ્યું.

"પરંતુ મને ખરેખર ત્હારી અત્યંત કરૂણા આવે છે ? સુલોચના, સાંભળ, તું એક સુગંધી પુષ્પ છે. અને ત્હારા સરખા સ્વર્ગીય પુષ્પને એક કંગાલ વણીકથી પરણાવવામાં ત્હારાં માતપિતાએ તને અન્યાયજ આપેલો છે. હું હવે તેમની તથા વિધિની એ ભૂલ સુધારી તને મારા રાજમહાલયની અંદર અક્ષય સુખના અમૃતસાગરમાં સ્નાન કરાવવા માગું છું." પાપીએ સુવર્ણ જાળ પાથરવી શરૂ કરી.

"અરે ! શું આ વચનો નીતિના અવતાર નવાબ મહમુદખાનના ફરજંદના મુખમાંથી નીકળે છે ! ધિક્કાર છે તમને ! નવાબજાદા ? આવા અનીતિમય કૃત્યથી દીપક જેમ પવન લહરીથી બુઝાઇ જાય છે તેજ પ્રમાણે તમારા પિતાશ્રીની અથાગ પરિશ્રમ અને ઔદાર્યના ભોગે મેળવેલી કીર્તિનો એક ક્ષણ માત્રમાં નાશ થશે. વળી આપ મને સુખ વૈભવની લાલચથી ડગાવવા ધારો છો કેમ ! નવાબજાદા ! એ તમારો ખાલી પ્રમાદ છે. આપનું રાજ્ય મહાલયતો શું પરંતુ કદાચ મને સ્વર્ગ ભુવન પ્રાપ્ત થતું હોય તો તે પણ મ્હારા શિયળ ધન આગળ તૃણ સમાન છે." સુલોચનાએ દ્રઢતાથી કહ્યું.

"પણ આપણે કાંઇ એવા ઉપદેશથી કે ભયથી ડરીએ તેમ નથી. કૃપા કરી આ મિથ્યા હઠ છોડી દે અને મારી સામે પ્રેમ દ્રષ્ટિથી જોઇ મને કૃતાર્થ કર." પાપીએ ઉલ્લાસે પાટલે જઇ એ વાક્ય ઉચ્ચાર્યું.

" બંધુ ! ફરીથી હું આપને એકવાર ઉપદેશ આપું છું કે આ પાપમય કૃત્યમાં છેવટે કંઇ સાર નથી. અને જીવન પાણીના પરપોટા સમાન છે એ આપની જાણ બહાર નથી. માટે આ દુષ્ટ બુદ્ધિને એકદમ પરહરો કે જેથી જગત્ કર્તા આગળ જવાબ દેતાં મુંઝાવું પડે નહિ." સુલોચનાએ હજી ક્ષમ્ય દૃષ્ટિથીજ જણાવ્યું.

" મેં તને એક વખતતો કહ્યું કે ભવિષ્યને માટે ઇશ્વરનો ડર બતાવવાની કે એવી બીજી લવારા ભરેલી ફીલસુફી સાંભળવાની મને કાંઈ પણ જરૂર નથી. જો સીધે સીધી રીતે માની જઇશ તો આનંદના ઉદધિનું અવલોકન કરીશ અને નહિ તો મહા આપત્તિમાં આવી પડીશ. હું હવે તને છોડવાનો તો નથીજ તેથી હાર્યા હટવું તેના કરતાં સમજી જવું એજ વિશેષ શ્રેયષ્કર છે." નવાબજાદાએ ભયનું દર્શન કરાવ્યું.

હવે સુલોચનાના નેત્રમાં એકદમ રક્તવર્ણનો પ્રવેશ થઇ ગયો, અને તેમાંથી વન્હીની ચાણગારીઓ વર્ષવા લાગી, તે એકદમ સિંહણ સમાન ભિષણ ગર્જના કરી અગ્નિજ્વાળા પેઠે ભભુકી ઉઠી.

" ઓ નીચ ! પાપી ! ચાંડાલ ? આ ક્ષણેજ તારી અપવિત્ર જીભ્હાને બંધ કર. વિષયના અંધકારમય પ્રદેશમાં ડુબેલાઓ અધમો, સતીનું સતીત્વ ખંડન કરવાને દેવ પણ સમર્થ નથી. તો તું એક પામર પ્રાણી શું કરી શકનાર છે ! શું એ વાર્તા ત્હારી કર્ણેંદ્રિયપર નથી પડી કે મદોન્મત લંકાપતિનો પવિત્ર સિતા સતીનુ હરણ કરવાથી સમરભૂમિમાં સર્વ કુટુંબ સહીત ધ્વંસ થયો હતો ? સ્વર્ગના નૃપ–ઇંદ્રને પણ અહલ્યા સતીપર કુદૃષ્ટિ કરવાથી દશ સહસ્ત્ર વર્ષ પર્યંત કીટ

ધારણ શરીર ભોગવવું પડયું હતું. હે દુષ્ટ હવે તારો કાળ પણ નીકટમાંજ આવેલો જણાય છે કેમકે તે વિના તને આવી બુદ્ધિ કદાપી ન સુજે"

મુગલખાન! શું જોઈ રહ્યો છે? એ હઠીલી અબળાને ઘસડી લાવ મારી પાસે! સુલોચનાને ઉદ્દેશીને–નારી! અહીં ત્હારાં હિન્દુ શાસ્ત્ર નાં સર્વ ઉપદેશમય વાક્યો નિરર્થકજ છે. જો હજુ માને તો ઠીક છે નહિ તો છેવટે તારે માટે ઘણાજ દુઃખનો પ્રસંગ આવી લાગશે." નવાબજાદાએ કહ્યું.

સુલેમાનનો અનુચર મુગલખાન સુલોચનાને સ્પર્શ કરવા જાય છે કે તુર્તજ "ખબરદાર! પાપી! જો એ અબળાને અંગુલીપણ અડકાડીશ તો ચાર ઘડી પછી આવનાર મૃત્યુ આ ક્ષણેજ આવી જશે." એવા ભયંકર અવાજ સાથે જાણે સતિને મદદ કરવા આકાશમાંથી સુર લોકોજ ન ઉતર્યા હોય! એમ એ દિવ્ય સ્વરૂપવાળા રાજવંશી પોષાક વિભુષિત નર અશ્વ દોડાવતા આવી પહોંચ્યા.

પ્રકરણ ૯ મું.

મિત્ર ધર્મ.

એ દિવ્ય પુરૂષોને જોઇ મુગલખાન અને નવાબજાદો એકદમ ભ્રમણામાં પડી ગયા કે આવા સમયે વળી આ પીડા ક્યાંથી આવી? આમ એકબીજાના સામું જુએ છે એટલામાં તો તેમણે નવાબજાદા સુલેમાનને તેના અનુચર સહિત દુપટ્ટાવડે ચતુર્ભુજ કરી દીધા. "હે અદ્વિતીય વિર શિરોમણી નરવર! સતિના સતિત્વનું રક્ષણ કરનાર આપ કોણ છો! અને આપનું શુભ નામાભિધાન શું છે! તે દયા કરી આભારના પર્વત નીચે દબાએલી અબળાને જણાવશો કે?" સુલોચનાએ બન્ને રાજવંશી પુરૂષોને ઉદ્દેશીને અત્યંત મૃદુ સ્વરથી કહ્યું.

"ભગીની! હું સુવર્ણપુરના ક્ષત્રિય પ્રધાન વિરસિંહજીનો પુત્ર છું અને સૃષ્ટિમાં સૌભાગ્યકુમાર નામથી ઓળખાઉં છું. આ મારી સાથે જે દ્વિતીય પુરૂષ છે તેઓ મારા સુખ દુઃખના સંગી અને સાચા મિત્ર છે. અને તેમનું નામ રામસિંહ છે." સૌભાગ્યે તેટલીજ નમ્રતાથી પ્રત્યુત્તર આપ્યો.

"સૌભાગ્ય કુમાર અને રામસિંહજી! ધન્ય છે આપના માતપિતાને કે જેમના ગૃહ વિષે આવા પરોપકારશીલ અને અબળા રક્ષક વિરરત્ન નિપજ્યાં છે. દયાળુ નરો! હું આપની આ જન્મ તો શું પરંતુ ભવોભવની આભારી બનીશું. આવા મહદ્ ઉપકારનો બદલો વાળવા હું સ્ત્રીજાતિ તદ્દન અસમર્થ છું. પરંતુ ફક્ત સર્વના મહાન પિતા પ્રભુ પ્રત્યે ખરા અંતઃકરણથી એટલી પ્રાર્થના કરૂંછું કે આપના આયુષ્ય,

સુખ, અને આનંદમાં અહર્નાશ વૃદ્ધિ થાય" સુલોચનાએ ખરી લાગણીથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

"બ્હેન! એવા કાર્યોમાં સદા સર્વદા નિમગ્ન રહેવું એ ખરા ક્ષત્રિયોની ફરજ છે તેથી એવી પ્રશંસાને પાત્ર અમે નથી. ખરો આભાર તો પ્રભુનોજ માનવાનો છે જેણે અમને આવું સત્કાર્ય કરવાનો અવસર મેળવી આપ્યો." રામસિંહે વિનય ભરેલી વાણીથી કહ્યું.

"એ આપના અંતઃકરણની ઉદારતાજ છે. પણ બંધુઓ! આપ અત્યારે મારા દુઃખના કટોકટીના સમયેજ ક્યાંથી આવી પહોંચ્યા? એ આપની ભગિનીને જો કાંઇ હરકત ન હોય તો કહેશો? સુલોચનાએ સવાલ કર્યો.

"બ્હેન! અમે મિત્ર દ્વય આજે મૃગયા રમવાની આકાંક્ષા થવાથી પ્રભાત સમયના અમારા નગ્રમાંથી નીકળ્યા છીએ. માતપિતાને તો એમજ દર્શાવેલું હતું કે "ભોજન સમય પહેલાં પાછા ફરીશું" તતક્ષણ બંન્નેજણ સુસજ્જીત થઇ પોતપોતાના રેવંતોને લઇ નીકળ્યા. ખેલતા ખેલતા જ્યારે સાતેક ગાઉ આવ્યા ત્યારે અચાનક મેં એક ધેનુની પાછળ થોડેક અંતરે વ્યાઘ્રને દોડતાં જોયો. આ પ્રસંગ જોઇ મ્હારાં રોમ ચ ઉભાં થઇ ગયાં. મેં એકદમ મારો ઘોડો વ્યાઘ્ર તરફ ફેંકી દીધો. જગદીશ્વરની કૃપાથી બાલ્યાવસ્થામાં મને જે શરસંધાનની કળા શીખવવામાં આવી હતી તે આજે સફળ થઇ. અર્થાત એકજ બાણથી વ્યાઘ્ર યમાલયમાં પ્રયાણ કરી ગયો. એ પછી મેં જરાક વિસામો લેવાની ઇચ્છાથી એક વૃક્ષ નીચે અશ્વને થોભાવ્યો. પરંતુ એટલામાં વળી એક નવીન પીડાનો ઉદ્ભવ થયો મારી પાછળ રામસિંહનો

અશ્વ હતો તે મારા જોવામાં આવ્યો નહિ. મેં તુર્ત પાછો રામસિંહની શોધ માટે ઘોડાને મારી મુકયો. રસ્તામાં મ્હારા હૃદયમાં "મિત્ર કઈ દિશાંમાં ગયા હશે? શું કાંઈ વિઘ્ન તો નહિ થયું હોય?" એવી એવી અનેક કલ્પનાઓ થવા લાગી.આખરે બરાબર સાંજના છ વાગ્યાના સુમારે રામસિંહને મેં એક આમ્રવૃક્ષ નિચે અશ્વનું જીન પાથરીને બેઠેલા જોયા. મિત્ર દ્વય મળ્યા પછી વિચાર કર્યો કે હવે આપણે પ્રભાતમાં વહેલા સુવર્ણપુર જઈશું, રાત્રિ અહીં કોઇ બગીચો દેખાય છે ત્યાંજ ગાળીશું. રામસિંહે પણ એ વિચારને અનુમતિ આપી અને અમે આગળ નીકળ્યા એટલામાંતો થોડેક છેટેથી આ પ્રસંગ અમારા નિરખવામાં આવ્યો. સૌભાગ્ય કુમારે પોતાની હકીકત લાંબા વિસ્તાર પૂર્વક કહી જણાવી.

આ પછી સતિ સુલોચનાએ બન્ને મિત્રોને ઉદેશી હૃદય પૂર્વક અનેક આશિર્વચનો ઉચ્ચાર્યા અને છેવટે કહ્યું બંધુઓ ! હવે નગ્રમાં પધારો અને આ દિન ભગીનીની ઝુંપડી પવિત્ર કરો !

" ના બ્હેન ! હવે હું આ વીરનરને મારા મહાલયમાંજ લઇ જઇશ. વળી તમારી પ્રત્યે કરેલ કુદષ્ટિ માટે હું વિનિત ભાવે ક્ષમાની યાચના કરૂં છું—નવાબજાદા કે જે અત્યાર સુધી મૌની સાધુ થઇ રહ્યો હતો તેણે " શાંતતાથી " ના જેવું વાક્ય ઉચ્ચાર્યું.

સુલોચના—આ શું ? પથ્થરમાં કોમળતા ? વેશ્યામાં પતિવ્રત્યનો ગુણ ! અને કાતિલ-પ્રાણઘાતક ઝેરમાં અમૃતનો આસ્વાદ ! આશ્ચર્ય !!!

નવાબજાદા—હા બ્હેન એમજ છે ! આ પાપી હૃદયમાંથી દુષ્ટતાએ હવે સદાને માટે ત્યાગ કર્યો છે. પવિત્રતાએ નિવાસ કર્યો છે.

સૌભાગ્ય—ઘણુંજ આનંદદાયક ! નવાબજાદા ? હું તમારા

આજના આ અપરાધની ક્ષમા આપું છું અને પરમ કૃપાવંત પ્રભુ તમને સદા સદ્બુદ્ધિ આપો એવું અંતઃકરણમાં ઇચ્છું છું." એમ કહી તેણે ત્રણે જણનાં બંધન છોડી નાંખ્યાં. આ વખતે સૌભાગ્યને નીચે લખેલા તત્વાર્થનું સ્મર્ણ થયું નહિ.

પાષાણની મૂર્તિ બન્નેને પ્રભુ તુલ્ય પૂજાય છે,
વેરાન જંગલની ભૂમિપર ઇમારત બંધાય છે.

પણ કોલસા કરવા ધવળના સાબુથી ધોવાય છે.
ત્યમ શઠ તણી નવ મરણ થાતાં સુધી શઠતા જાય છે.

સૌભાગ્યકુમારના લલાટમાં દુઃખ ભોગવવાનું વિધિથી નિર્માણ થએલું તેથી તેને નવાબજાદાના કપટયુક્ત સંભાષણની જરાપણ શંકા થઇ નહિ. તેણે એકદમ માની લીધું કે—કથીરનું કાંચન બન્યુંછે, કાચનો કોહીનુર બન્યો છે, અર્થાત એક વિષયવિલાસી પરદારા પર જુલમ ગુજારનાર એક પત્નિવ્રત્ત અને સદાચરણી થયો છે. અસ્તુ.

છેવટે નવાબજાદાના અત્યાગ્રહથી સૌભાગ્યકુમાર તથા રામસિંહને રાત્રે આરામ લેવા માટે રાજ મહાલયમાં જવાનું નક્કી થયું; અને સુભાગના સતિને નગ્રમાં જવાની રજા આપવામાં આવી.

"બંધુવર્ય ! મારા અક્ષમ્ય અપરાધની ક્ષમા આપી એ આપનો કાંઇ જેવો તેવો ઉપકાર નથી. ક્યા શબ્દોમાં હું આપની સ્તુતિ કરૂં તે આ અલ્પજ્ઞને સમજાતું નથી." નવાબજાદાએ કૃત્રીમ કૃતજ્ઞતા દર્શાવી.

"મિત્ર ! આપને એટલો બધો શોચ કરવાનું કાંઈ કારણ નથી. સૃષ્ટિમાં રંકથી રાય સુધી સર્વ મનુષ્યો ભૂલને પાત્ર છે. સર્વજ્ઞતો માત્ર સર્વ શક્તિમાન પ્રભુજ છે. આપ આટલેથીજ તે નિંદિત પંથે પગ-

શો તો જરૂર અક્ષય કીર્તિ સંપાદન કરી સ્વર્ગ સદન મેળવશો એમાં જરા પણ શંકા જેવું નથી." સૌભાગ્યે સરળ હૃદયથી આશ્વાસન આપ્યું.

"આમ સર્વે જણ અરસ પરસ વાર્તાલાપ કરતા ચાલ્યા જાય છે એટલામાં જ્યાં સુલોચના શીવ પુજન કરતી હતી તે રાજ બગીચો આવ્યો. આ વખતે બરાબર લાગ તાકી સૌભાગ્યની નિષ્કપટતાનો લાભ લઇ સુલેમાને પોતાના બન્ને અનુચરોને જરાક સંકેત કર્યો કે તુર્તજ ત્રણે જણા રામસિંહ અને સૌભાગ્યકુમાર ઉપર તુટી પડયા. આખરે છંછેડાયલા સર્પે ભયંકરતા ધારણ કરી.!!!

આ બનાવ જોઈ રામસિંહની હૃદયજ્વાળા ગગન જેટલે ઉંચે ઉડવા લાગી અને એકદમ ભીમ સમાન ભયંકર ગર્જના કરી નવ્વાબ-જાદાના અંગ ઉપર વિદ્યુતની પેઠે ધસ્યો. પરંતુ દુષ્ટો પ્રથમથીજ ચેતેલા હોવાથી એક અનુચરે રામસિંહ ઉપર તમંચાનો બાર કર્યો.

રામસિંહ તુર્ત જમીનપર પટકાઇ પડયો અને સૌભાગ્ય સુદ્ધાં સર્વના મનથી એમજ થયું કે રામસિંહ સ્વર્ગારોહણ કરી ગયો!!!

હવે દુષ્ટોએ નિર્ભય થઇ સૌભાગ્યના હસ્ત બાંધી એજ રાજ બાગમાંની એક કોટડીમાં પુરી દીધો અને નવ્વાબજાદો પોતાના અનુચરો સહિત રાજમહાલયમાં ચાલ્યો ગયો. અત્રે વાંચકોને જણાવવું અવશ્યનું છે કે સુલેમાને સૌભાગ્યની ખાનપાન વિગેરેની ગોઠવણ માટે તે કોટડીની ચાવી ઉદ્યાનરક્ષક માળીને સોંપી હતી.

પ્રકરણ ૧૦ મું.

આસ્વાસન.

છે કાળને આધિન માનવ દેવ ને દાનવ બધા,
નિર્માણ વિધિથી થયું તે ફરે ના કોથી કદા.
છે ચાર દિનની ચાંદની દિન ચાર કે દશનાં સુખો,
સાચી પ્રભુ ભક્તિ વિના સ્વપ્ના સમાં સર્વે સુખો.

અહા ! કાળ ત્હારી ગતિ ઘણીજ વિચિત્ર છે. પૈંડાની ધાર જેમ ઉપર નીચે ફર્યા કરે છે, તેમ સર્વ મનુષ્યની ચડતી પડતી કાળે કરીને થયાં કરે છે. પર્ણકુટી નિવાસી ભિક્ષુકથી મોટા સાર્વભૌમ નૃપ સુધી સર્વેને કાળને આધિન થવું પડે છે, કેમકે પરિવર્તન એ જગતનો એક સર્વમાન્ય સિદ્ધાંત છે. તલવારની ધાર જેવા સત્યવ્રતધારી મહાત્મા હરિશ્ચંદ્રને એ કાળને આધિન થઈ ચાંડાલને ઘેર દાસત્વ સ્વીકારવું પડયું હતું. અને ઇંદ્ર સમાન પરાક્રમી,–પુણ્યશ્લોક નળ ભૂપાળને પણ એજ કાળને આધિન થઇ સતિ દમયંતી સાથે અરણ્યમાં જવું પડયું હતું. અસ્તુ.

આજે આપણી નવલકથાના મુખ્ય પાત્ર સૌભાગ્યને પણ એક સતિને માટે સતિત્વ રક્ષવાનું વિરોચીત કાર્ય કરવા જતાં કારાગૃહમાં દુઃખી થતો આપણે જોઇએ છીએ.

જે સૌભાગ્યના કરમાં સદા સુવર્ણ કંકણ વિરાજતાં હતાં ત્યાં આ વખતે મજબુત લોહ શૃંખલાઓનો ભાસ થાય છે. અને તે પણ વળી નિસ્વાર્થપણે પરોપકારનું કાર્ય કરવા જતાં ! ! !

રાત્રિના અગીયાર વાગ્યાનો સમય થયો છે જાણે શાંતિ દેવીએ

સર્વત્ર પોતાનું સામ્રાજ્ય ફેલાવી દીધું હોયની ? તેવુંજ જણાતું હતું. માત્ર ધર્મ સંકટમાં આવી પડેલો સૌભાગ્ય કુમાર રાજ બાગની એક કોટડીમાં બંદિવાનની દુઃખદાયક સ્થિતિમાં જાગ્રતાવસ્થામાં બેસી રહ્યો હતો. એકાએક તેના હૃદયમાં એક પછી એક એમ ચિંતાઓનો ઉદ્દભવ થવા લાગ્યો. તે અત્યંત કરૂણાજનક સ્વરથી પ્રભુ પ્રત્યે હસ્ત જોડી વિનતી કરવા લાગ્યો.

"હે જગદિશ્વર ! હું અત્યારે ચારે તરફથી મુસ્કેલીમાં આવી પડયો છું. મ્હારા સાચા સહોદરનું સ્વર્ગારોહણ ! હાય ! એ વિચાર માત્રથીજ મ્હારા હૃદયમાં તિવ્ર બાણ ભોકાયાની વેદના થાય છે. વળી મ્હારા મિત્રનાં તથા મ્હારાં માતા પિતા અમારે માટે કેટલી ચિંતા કરતા હશે ? વિભુ ! અત્યારે જાણે નિરાશા શબ્દ માત્ર મારા ઉપરજ પોતાની સર્વ સત્તા ચલાવી રહ્યો હોય એવો મને સાક્ષાત્કાર થાય છે.",

"શોચ ન કરો ! ઓ પરોપકારી પુરૂષ !!! દયાનિધાન ઇશ્વરની કૃપાથી આપને માટે આશા શબ્દનો હજુ લોપ થઈ ગયો નથી. અત્યારે આપને દુઃખનો અતિરેક થવાથીજ સર્વત્ર નિરાશાનો ભાસ થાય છે. પરંતુ આપ સરખા ક્ષત્રિય કુલ ભૂષણ વિરનરને "આપત્તિના સમયમાં સદા જનક તનયાના પ્રાણવલ્લભ શ્રીરામચંદ્રનું રટન કરવું" એ વેદ વાક્યનું વિસ્મરણ કરવું જોઇતું નથી. એક વ્યક્તિએ ઓરડીનાં કમાડ ઉઘાડી સૌભાગ્યની છેક સમીપમાં આવી "નીરાશા" શબ્દનું નિઃરસન કરી નાખવાના હેતુથી કહ્યું.

કોણ ? બાગ રક્ષક ! * મિત્ર ! આ વખતે તમે મ્હારા બળતા જીગરમાં અમૃત સિંચન કરવાને આવેલા જણાઓ છો. કારણ કે દુઃખના સમયમાં મનુષ્ય અત્યંત ગભરાઈ જાય છે. જો કે સાધારણતઃ

---

* ટીપ—આ માળી સાથે સૌભાગ્યને બાળપણથી મિત્રાચારી હતી.

તો સંસારનો નિયમ એવો છે કે "સુખની વખતે કામ અને દુઃખની વખતે રામ" પરંતુ અત્યારે હું એ સાંસારિક નિયમનો અપવાદરૂપ બન્યો હતો અને આપે મને પ્રભુ રટન કરવાનું ચિંતવન કરાવી સર્વ દુઃખમાંથી દુર થવાનો સદ્દુપદેશ આપ્યો છે. બાંધવ! તમારો આભાર હું કયા શબ્દોમાં વ્યક્ત કરૂં? સૌભાગ્યે ગળગળા થઇ કહ્યું. આ વખતે મિત્ર રામસિંહનું સ્મર્ણ થઈ આવવાથી તેનાં નેત્રોમાંથી અખંડ જળ ધારાનું વહન થવા લાગ્યું.

સૌભાગ્યની આવી દયાજનક સ્થિતિ જોઇ "હમદર્દી" શબ્દને સારી રીતે સમજનાર માળીનાં ચક્ષુમાંથી પણ અશ્રુ બિંદુ ટપકવા લાગ્યાં.

પરંતુ આ પરિસ્થિતિ થોડા વખતને માટેજ રહી શકી. માળીએ તેના સર્વ દુઃખનો એક પળ માત્રમાં નાશ થઇ જાય અને તેને બદલે હ્રદયમાં અપૂર્વ આનંદનો નિવાસ થાય એવાં નિમ્નલિખિત અમૃત વચનો કહ્યાં.

"ભ્રાતા! આપના મિત્ર ઇશ્વર કૃપાથી સલામત છે. તમંચાનો બાર ખાલી ગયો છે. જો કે વામ હસ્ત ઉપર ભયંકર ઇજા થઇ હતી, પરંતુ તાત્કાલિક એક વનૌષધિનો ઉપયોગ કરવાથી જખમ રૂઝાઈ ગયો છે. અને અત્યારે તેઓ નિર્ભય સ્થાનમાં શાંતિ પૂર્વક બેઠેલા છે. મ્હારી રહેવાની ઓરડી આ બગીચામાંજ હોવાથી હું આપનો કૃપા પાત્ર બની શક્યો છું." વ્હાલા વાંચકો! ઉપરનાં વચનો કર્ણ ગોચર થવાથી સૌભાગ્યના શોકમય દિલમાં જે પરિણામ થયું તેનું વર્ણન કરવાની આ લેખિનિમાં શક્તિ નથી! અસ્તુ! એ પછી થોડીક વારે આ પરોપકારી ઉદ્યાનરક્ષક સૌભાગ્ય કુમારની રજા લઈ નિંદ્રા લેવા માટે પોતાની ઓરડી તરફ ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૧ મું.

લગ્ન અને ઉપસંહાર.

બીજે દિવસે બરાબર ન્યાયમંદિર ભરાવાનો સમય થતાંજ માળી તથા રામસિંહ ન્યાયાસન સમક્ષ આવી હસ્ત દ્વય જોડી ઉભા રહ્યા અને કરૂણા દ્રાવક રીતે પોતાની હકીકત નવાબ મહમુદખાનની આગળ નીવેદન કરી.

દુષ્ટ સુલેમાન પણ સમીપમાંજ પોતાના સ્થાને બેઠેલો હતો અને આ દેખાવ જોઇ તે વૃક્ષના પર્ણની માફક ધ્રુજવા લાગ્યો કારણ કે તે પોતાના પિતાની ન્યાય શિલતાની રિતને સારી પેઠે જાણતો હતો.

*   *   *   *   *

પોતાના રાજ્યનોજ માળી આમ દુશ્મન સાથે મળી જઇ પોતાનુંજ પાપ પ્રદર્શીત કરશે એવો પાપીને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

"ધિક્કાર છે! પાપી!! જો કે તું મ્હારો પુત્ર છે છતાં પણ હવે હું તને પુત્રવત્ લેખી શકતો નથી કારણ કે ત્હારા આવા અધમ કૃત્યથી મુસલમાન જાતીના નામને ભારે બટ્ટો લાગી ગયો છે. તારા જેવા નરાધમને ક્ષમા આપી હું મ્હારા ન્યાય દેવતાને કદાપી કલંકિત કરનાર નથી." નવાબ મહમુદખાને આરક્તવર્ણ નેત્રો કરી અત્યંત તિરસ્કૃત શબ્દો વડે તેની એ પ્રમાણે નિર્ભર્ત્સના કરી સદાને માટે પોતાના રાજ્યની સીમા બહાર જઇ રહેવાની શિક્ષા ફરમાવી દીધી. ધન્ય છે આવી ન્યાય પરાયણતાને!!!

ત્યાર બાદ રામસિંહ તથા સૌભાગ્ય નિર્વિઘ્ને સુવર્ણપુર આવી પહોંચ્યા.

*   *   *   *   *

સ્નેહલતાએ ઘણા દિવસ સુધી સૌભાગ્યના પત્રની રાહ જોઇ પરંતુ અંતે તેમાં નિરાશ થઈ અને તેથી તેણે પોતાના પ્રેમી ઉપર નીચે પ્રમાણે એક પત્રિકા પાઠવી.

મ્હારા તનમનના નિર્દય સ્વામી - આપે "નેત્રથી દુર તે હૃદયથી પણ દુર" એ લોકોક્તિને સત્ય કરી બતાવી છે. પ્રાણ! દાસીની સંભાળ ક્યારે જોશો?

આપ તો મિત્ર મંડળમાં આનંદ પૂર્વક દિન વ્યતિત કરતા હશો તેથી આ રંક કીંકરી કયાંથી યાદ આવે? ખેર? પણ નાથ! હવે વધારે વખત રીબાવશો તો ફરી મળવાની આશા હૃદયમાં ધારશો નાહ. મ્હારા માતાપિતા મને આપ જેવા સર્વાંગ સુંદર અને વિદ્વાન ભરથાર જોડે સંલગ્ન કરવા સર્વથા તૈયાર છે. માત્ર આપની કૃપાનીજ વાર છે. આશા છે કે હવે કરમાએલી લતાને સત્વરે ખીલવશો.

લી. આપની પ્રેમાકાંક્ષિણી.

સ્નેહલતા.

પત્ર વાંચતાંજ સૌભાગ્યનું હૃદય પાણીપાણી થઇ ગયું. વિલાસપુરની એ પ્રેમાળ સુંદરીનો પવિત્ર પ્રેમ ચક્ષુ સમિપ ઉપસ્થિત્ થયો અને આટલા બધા દિવસ તેને એક પત્ર પણ ન લખી શક્યો તેને માટે મનમાં શોચ કરવા લાગ્યો.

એ પછી તતક્ષણ તેણે મિત્ર રામસિંહ દ્વારા પોતાનાં માતપિતાની એ વિષે સંમતિ લીધી અને પોતાનેજ જીવનનું ખરૂં ધન ગણનાર ઉર્વશી સમાન અતુલ સૌંદર્યવતી સ્નેહલતા જોડે સ્નેહ લગ્ન કરી જીવનનું સાર્થક કરવા લાગ્યો.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર બંધુઓનાં નામ.

હીંમતનગર.

૫ રા. સવનાથસીંહજી આપકારી ઇન્સ્પેક્ટર
૪ રા. ભવાનસીંહ ગોપાળસીંહજી ફોજદાર
૨ હુસેનમીયાં રાજુમીયાં કારકુન.
૨ સુરજ ભાણુસીંહજી હવાલદાર.
૧ ગોપાલદાસ જોગીદાસ.
૧૫ મે. હિમતનગર મામલતદાર સાહેબ ગોવીંદરામભાઇ.
૬ ચુનીલાલ દેવચંદ અવલકારકુન.
૧ હરગોવીંદ દલપતરામ.
૧ ડાહ્યાલાલ નરભેરામ.
૪ ઉદેસીંગ ગુલાબસીંગ કારકુન.
૧ પ્રથીસીંગ મુળસીંહજી.
૧ લક્ષ્મણસીંહ ચંદનસીંહજી.
૧ મગનલાલ ગુલાબચંદ.
૨ કરસનદાસ ગુલાબચંદ.
૧ ડુંગરલાલ ખેમચંદ.
૧ મુળજી કેવલદાસ.
૧ હીરાલાલ ત્રીભોવનદાસ.
૧ કીશોરસીંગ ભવાનસીંગ.

૧ ઉમીયાશંકર ઇશ્વરદાસ.
૧ ભોગીલાલ મગનલાલ.
૧ સાંકળચંદ કુબેર.
૧ તારાચંદ મોતીચંદ.
૧ હીરાલાલ સરધાર.
૧ મણીલાલ મોહનલાલ.
૧ પુરશોતમ વૈલજીભાઇ.
૧ ત્રીભોવનદાસ દયારામ.
૧ જોઇતારામ જયશંકર.
૧ ગોકલદાસ જેઠાલાલ.
૧ રેવા હીરા.
૧ ભીમજી ગણેશ.
૧ મુલદેવ ધીરજરામ
૧ પુરશોતમ રેવાશંકર
૧ ડાહ્યાલાલ મુલચંદ
૧ હરગોવીંદ કાલીદાસ
૧ ડાહ્યાલાલ ભોગીલાલ

બેરણા.

૧ ચુનીલાલ જયચંદ તલાટી

મુનસીવાડા.

૧ [illegible]ચંદ [illegible]ચંદ તલાટી

૫ પારીદાસ અંબાવીદાસ વકીલ.
૨ ચુનીલાલ ગુલાબચંદ.
૨ હીમતરામ લક્ષ્મીચંદ.
૪ તલાટી છોટાલાલભાઈ.
૨ પુરોહીત તેજરામજી.
૧ સોની લલ્લુ ફતેચંદ.
૧ ગોકળ રાયચંદ નાકાદાર.
૧ જુમખરામ પ્રેમચંદ.
૧ મુળચંદ નાથા.
૧ જીવરામ ગુલાબરામ.
૧ માસ્તર હેમચંદ છગનલાલ.
૧ કંદોઈ મણીલાલ લલ્લુ.
૫ ડાકટર ચુનીલાલ હરગોવીંદ જયાની.
૧ ગોસાંઇ શ્રી શંકરગરજી.
૨ વકીલ દેવચંદ વીરચંદ.
૧ ગકુલાલ નેમચંદ.
૧ મગનલાલ નેમચંદ.
૧ સુતાર રૈવા ભાઇચંદ.
૧ ,, કાલીદાસ ખેમરામ.
૧ દોસી મગનલાલ લલ્લુભાઇ.
૨ ગોસાંઈ કેશવગરજી.
૧ પુરશોતમ કામરાજ.
૧ દામોદર મેલારામ.

૧ મોહનલાલ મુળજી.

૧ પુરશોતમ બહેચર.

૧ જેશંકર જમીયતરામ.

૧ નાકાદાર ભીમજી.

૧ રેવાશંકર જેશંકર.

૧ પરમાનંદ કુશાલ.

૧ દેવશંકર પુરશોતમ.

૧ જેઠજી બેચરજી.

વસાઇ.

૧ વલ્લભરામ માધવરામ.

મેઘરજ.

૧ ત્રીકમલાલ દયારામ.

૧ મહમદઅલી રાજુમીઆં

ગાબટ.

૧ ચુનીલાલ ખેમચંદ.

રાયગઢ.

૨ મોહનલાલ જીવાજી

૧ જેઠાલાલ મહીધર.

બડોલી.

૨ રા. જીવરામ રત્નેશ્વર.

૧ શંકરલાલ દેવશંકર.

વીરપુર.

૫ મહેરબાન ઠાકોર સા. દલપતસીંહજી.
. માસ્તર ગોવીંદજી લખાભાઈ.
. સખારામ દામોદર.
૧ માધવલાલ આદીતરામ.
૧ પરમાર જેહાજી કાનાજી.
૧ ચમનલાલ એચર.

જાદર.

૪ મેતા મણીલાલ જેઠાલાલ.
૨ ગાંધી લીલાધર ફતેચંદ.
૧ મેતા પુનમચંદ મોહનલાલ.
૧ મગનલાલ દેવચંદ.
૧ ત્રીભોવન ખેમચંદ.
૧ લાભશંકર ગણપતરામ.
૧ ચકુલાલ વિઠ્ઠલદાસ.
૧ સોની લીલાધર મોતીચંદ.
૧ ધરમચંદ મોતીચંદ.
૨ હરગોવીંદ નરોતમ.
૧ ખુશાલ પાનાચંદ
૧ લલ્લુ કાલીદાસ.
૧ જાદર તલાટી.
૧ કુબેર વેણીચંદ
૧ દામોદર હરીરામ

૧ ગીરધર બહેચર

૧ બહેચર હીરા

૧ નથ્થુ મોતી.

૪ નાયક જીવરામ કીશોર

૧ કસ્તુર દેવકરણ

૧ ગુલાબચંદ રવચંદ

૧ જયચંદ હાથીરામ.

દાવડ.

૧ કાળુસીંગ જેહજી.

દેરોલ

૧૫ મે. ઠાકોર સાહેબ શ્રી હરીસીંગજી.

૫ કામદાર જાદવજીભાઇ.

૨ ફોજદાર નેમચંદભાઇ.

કડીયારા.

૧૫ રા. જેઠાલાલ રત્નેશ્વર તલાટી.

પાલ.

૨ કામદાર મનસુખરામભાઇ.

અમદાવાદ.

૨ મગનલાલ ઝવેરચંદ શાહ સ્ટેશન માસ્તર

જાદર

કડર.

૧ ગોસાંઈ ડાહ્યા ભારથી

૧ ફુલજી રેવાભાઇ.

૧ ચકુ ગીરધર

૧ યાકુબ જેઠાભાઇ

૧ વકીલ લલ્લુ બાદર

૮ મોહનલાલ નેમચંદ.

ચોયલા.

૧ ભવાનીશંકર ભગવાન

આગલોડ.

૧ હીરચંદ અમીચંદ

મુંબઇ.

૧ ગાંધી ઉત્તમચંદ આદીતરામ

૧ માધવલાલ મુગટરામ

૧ ગીરધર રામજી

૧ મગનલાલ દ્વારકાદાસ

૧ ડાહ્યાભાઇ આરતસીંગ

૧ કાસીરામ કાલીદાસ

૧ માધવજી રામજી

૧ ત્રીભોવન પુરશોતમ

૧ ડાહ્યાભાઇ પુરશોતમ

૧ ઠાકરસી ગોરધન

૧ નર્મદાશંકર છગનલાલ

૧ આદમજી મુસા

૧ ચત્રુભુજ ઇશ્વર

૧ કલ્યાણ બેચર

૧ માવજી પ્રેમજી

૧ છોટાલાલ મણીલાલ

ન નર્મદાશંકર પુરશોતમ

ભીલોડા.

૧ મણીલાલ ગીરધરલાલ.

૧ પુરશોતમ મોહનલાલ

૧ મીરખાં ઇમામખાં

૧ ફોજદાર બીજરાજસીંહજી

૧ નેમચંદ બહેચરદાસ

૨ કેશવલાલ ગંગારામ

૧ તારાચંદ તલકચંદ

૧ કેવળ વેણીચંદ

૧ કસ્તુર ગોબર

૧ સ્વરૂપસીંહ ભગવાનસીંહ

સબલપુર.

૧ સીકંદર નહીમખાં

સાબલી.

૧ મોતીજી દેવજી

ક્રાટવાડ.

૧ દાઉદ નસીર.

ચોરીવાડ.

૧ મોતીજી કેસરજી

વડનગર.

૧ શ્રીયુત ચુનીલાલ પુંજીરામ મણીયાર

૧ શીવલાલ ખેમચંદ.

૧ દલસુખદાસ કાશીદાસ

વડાલી.

૨ ડાકટર રા. ઉમીયાશંકરભાઇ

૨ કંમ્પાઉન્ડર ચુનીલાલ

૧ મોહનલાલ વિશ્વનાથ

૧ મગનલાલ વિશ્વનાથ

૧ કહાનજી અંબુભાઇ

૧ કોદરલાલ ડુંગરજી

૧ બલદેવ રેવાશંકર

૧ મગનલાલ ફતેચંદ

૧ પ્રલ્હાદરામ વીસ્તુરામ

ગ્રાહકો કરવામાં મદદ કરાવનાર

સદ્‌ગૃહસ્થો.

મહેરબાન ગોવીંદરામભાઇ
મી. મણીલાલ મોહનલાલ
મી. હીરાલાલભાઇ
મી. મણીલાલ ગીરધરલાલ
મી. ઉત્તમચંદ આદીતરામ
મી. નર્મદાશંકર છગનલાલ
મી. ચુનીલાલ કામેશ્વર
મી. મગનલાલ સુરચંદ
મી. જયચંદ મગનલાલ
મી. ભોગીલાલ ગીરધરલાલ

ઉપરના સદ્‌ગૃહસ્થોએ તસ્દી લઇ ગ્રાહકો કરાવી આપ્યા છે તેમનો આ સ્થળે અંતઃકરણપુર્વક આભાર માનું છું.

લેખક.

મણીલાલ જીવરામ ગાંધી.

માસીક પત્ર,

"આયુર્વેદ ચિન્તામણી"

સંપાદક—વૈદ્ય મોહનલાલ રાજારામ જોશી મુ. જાદર (મહીકાંઠા)

આ માસીક સંવત ૧૯૭૧ ના અસાડ સુદી ૧ થી શરૂ થશે. એની અંદર નૂતન સામાજીક લેખો, વૈદકીય સરળ ઉપચારો, કુદરતી રીતે રોગ મટાડવાના ઘણા સહેલા ઉપાયો, રસીક વાર્તાઓ, છુટક કાવ્યો, વિવિધ વર્તમાનો ઇત્યાદિ વિષયો શુદ્ધ ભાષામાં ચર્ચાશે.

વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૧-૮-૦.

લખો—

"આયુર્વેદ ચિન્તામણી"
પત્રની ઑફીસ.

મુ. જાદર-. મહીકાંઠા).

